સુવિચાર
''બીજાને દુઃખી કરીને મેળવેલ સુખની ઉંમર ઘણી ઓછી હોય છે.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૧/૦૯/૨૦૨૬, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ શ્રાવણ વદ-અમાસ વર્ષ : ૧૭ અંક : ૨૨૭

### મટીરીયલ્સ ટેસ્ટીંગ લેબની સરપ્રાઈઝ વિઝીટ માટે

# અમરેલીમાં વડોદરાથી આવેલ ૨ અધિકારીઓ લાંચ લેતા ઝડપાયા

**કાર્યપાલક ઈજનેર આણંદભાઈ નરેન્દ્રભાઈ ખરેડી અને સીનિયર સાયન્ટીફીક આસી. જીગરભાઈ ભુરીયા ૨૧ હજારની લાંચ લેતા ઝડપાયા**

**ફરિયાદીની લેબની વિઝીટ કરી પોઝિટીવ રીપોર્ટ આપવાનાં નામે ૨૧ હજારની લાંચની માંગણી કરેલ**

**ફરિયાદી લાંચની રકમ આપવા માંગતા ન હોય એસીબીમાં જાણ કરતાં છટકું ગોઠવાયુ**

**આશ્ચર્યજનક બાબત એ છે કે અધિકારીઓ સરકારી અતિથિ ગૃહનાં રૂમ નં. ૧૧માં જ લાંચ લેતા ઝડપાયા**





અમરેલી, તા. ૧૦

કેન્દ્ર અને રાજય સરકાર ધ્વારા સરકારી અધિકારીઓને તગડો પગાર, તમામ સુવિધાઓ આપે છતાં પણ નાણા ભૂખ્યા અમુક અધિકારીઓ લાંચ લેવાનું બંધ કરતાં નથી અને અંતે લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ જતાં હોય છે.

આજની વિગત એવા પ્રકારની છે કે, અમરેલી શહેર ખાતે મટીરીયલ્સ ટેસ્ટીંગ લેબ છે. આ લેબની સરપ્રાઈઝ વિઝીટમાં આજે સંશોધન અધિકારી (કાર્યપાલક ઈજનેર), વર્ગ–૧, ગુજરાત એન્જીનીયરીંગ રીસર્ચ ઈન્સ્ટીટયુટ (GERI) વડોદરામાં ફરજ બજાવતા આણંદભાઈ નરેન્દ્રભાઈ ખરેડીયા તથા સીનીયર સાયંટીફીક આસીસ્ટન, વર્ગ–૩, ગુજરાત ઈન્જીનીયરીંગ રીસર્ચ ઈન્સ્ટીટયુટ (GERI) જીગરભાઈ કલસીંગભાઈ ભુટીયા બંન્ને આવેલ હતા અને ફરિયાદીની લેબની વિઝીટ કરી પોઝીટીવ રીપોર્ટ આપવાના બદલામાં રૂપિયા ૨૧,૦૦૦ લાંચની માંગણી કરેલ હતી. જે લાંચની રકમ ફરિયાદી આપવા માંગતા ન હોય જેથી અમરેલી એ.સી.બી.નો સંપર્ક કરેલ હતો.

આજે ફરિયાદ આધારે લાંચના છટકાનુ આયોજન અમરેલી એ.સી.બી. પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર ટી.એસ. રીઝવી

અનુસંધાન પાના ૬ ઉપર

### અમરેલી જિલ્લામાં રેતી ચોરીનું દુષણ સતત વધી રહ્યું છે

# મોટી કુંકાવાવનાં ચોકી રોડ ઉપરથી વ્હેલી સવારે બિનઅધિકૃત રેતી ભરેલ ૨ ડમ્પરને ઝડપી લેવાયા

**મામલતદાર યોગેશ બારડે ૨૪ કલાકમાં ૨ ડમ્પર ઝડપી લીધા**



વડિયા, તા. ૧૦

અમરેલી જિલ્લો ખનીજ ચોરી માટે વારંવાર ચર્ચામાં આવતો જોવા મળે છે. ત્યારે અમરેલી જિલ્લામાં શેત્રુંજી નદીમાંથી ખનીજ ચોરી અને ખનીજ માફિયાઓ સામે કાર્યવાહીની ઘટનાઓ સામે આવતી હોય છે. અમરેલી જિલ્લાના વડિયા તાલુકાના મામલતદાર યોગેશ બારડ દ્વારા વડિયા–કુંકાવાવ તાલુકામાંથી પસાર થતા બિન અધિકૃત ખનીજ ભરેલા વાહનો સામે લાલ આંખ કરી કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. નવમી તારીખે બપોર બાદ એક શેત્રુંજી નદીમાંથી સાદી રેતી ભરેલા ડમ્પરને કુંકાવાવ ગામે ચોકી તરફના રોડ પરથી ઝડપ્યા બાદ ફરી બીજા દિવસે વ્હેલી સવારે ચાર વાગ્યામાં વોચ ગોઠવીને એક ડમ્પરને ચોકી ચેકપોસ્ટ પાસેથી ઝડપ્યું હતુ અને કુલ ૩૧.૭૮ લાખના મુદ્દામાલને જપ્ત કરી વડિયા પોલીસને સોંપ્યો હતો. આ બંને ડમ્પરના ચાલકો પાસે કોઈ રોયલ્ટી પાસ પરમીટ ના હોવાના કારણે તેમની સામે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવી હતી. આ કાર્યવાહીમાં વડિયા મામલતદાર યોગેશ બારડ, સર્કલ ઓફિસર કુલદીપસિંહ સિંધવ, રેવન્યુ તલાટી ભવદીપ ભુવા અને મહાવીર બસીયા સહિતનો સ્ટાફ જોડાયો હતો. વડિયા મામલતદાર યોગેશ બારડની કડક કાર્યવાહીથી ખનીજ માફિયાઓમાં ફફડાટ વ્યાપતો જોવા મળ્યો હતો.

## વરસાદનાં વિરામ બાદ આકાશમાં ખિલ્યુ મનોહર મેઘધનુષ્ય



સાવરકુંડલા તાલુકામાં વરસાદી વિરામ બાદ આજે વાતાવરણમાં કુદરતનો અદભૂત નજરો જોવા મળ્યો હતો. મેઘરાજાએ પોરો ખાતા જ સ્વચ્છ થયેલા આકાશમાં લીલાછમ સીમ–ખેતરોની ઉપર સપ્તરંગી મેઘધનુષ્ય ખીલી ઉઠયું હતું. આ આહલાદક અને કમનીય દ્રશ્યને જોઈને સ્થાનિક ગ્રામજનો તેમજ રાહદારીઓ મંત્રમુગ્ધ બન્યા હતા અને આકાશી રંગોનાં મિશ્રણે સમગ્ર પંથકનાં કુદરતી સૌંદર્યમાં ચાર ચાંદ લગાવી દીધા હતા.

### ડબલ સવારીમાં બાઈક જતુ હોય તે સમયે

# બાબરામાં આયસર ટ્રકનાં ચાલકે હડફેટે લેતાં બાઈકમાં સવાર ૧ વ્યકિતનું મોત

**પોલીસે આયસરના અજાણ્યા ચાલકની શોધખોળ આદરી**

અમરેલી, તા. ૧૦

હાલ બાબરા ગામે દેવનગર ભાવનગર રાજકોટ હાઈવે રહેતા અને મુળ બનાસકાંઠાના વતની કિશનભા કાળુભા રાઠોડ નામના ૩૩ વર્ષીય યુવક તથા મરણજનાર ગત તા.૮ ના રાત્રીના આશરે પોણા અગીયારેક વાગ્યે મોટર સાઈકલ નંબર જીજે–૦૩ જેબી–૫૧૨૯ લઈને બાબરા ગામની બજારમાંથી બાબરા ગામે આવેલ દેવનગર જતા હોય અને મરણજનાર મોટરસાઈકલ ચલાવતા હતા અને યુવક પાછળ બેસેલ હોય ત્યારે ભાવનગર રાજકોટ રોડ ઉપર જી.આઈ.ડી.સી.ની ફેકટરી પાસે પહોચતા પાછળથી એક અજાણ્યા આઈસર ગાડીના ચાલકે પોતાના હવાલાવાળી આઈસર ગાડી પુર ઝડપે અને બેફીકરાઈથી ગફલતભરી રીતે માનવજીંદગી જોખમાય તે રીતે ચલાવી મોટર સાયકલ સાથે ભટકાડી યુવક તથા મરણજનારને પછાડી દઈ મરણ જનારને હાથે પગે છોલાણ કરી ઈજા કરી માથાના ભાગે ગંભીર ઈજા કરી મોત નીપજાવી તથા યુવકને ડાબા હાથે છોલાણ કરી ઈજા કરી અજાણ્યો આઈસર ગાડીનો ચાલક નાશી ગયાની યુવકે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

પાર્ટ ટાઈમ
કમ્પ્યુટર ઓપરેટર
જોઈએ છે
પેજમેકર
ફોટોશોપ
કોરલડ્રોનો
અનુભવ જરૂરી
કામનો સમય
સાંજે
૪:૩૦ થી ૧૧:૩૦
અમરેલી એક્સપ્રેસ
જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક પાછળ, અમરેલી

**અમરેલી એક્સપ્રેસ**
**સમાચારો મોકલવા બાબત**

''અમરેલી એક્સપ્રેસ'' પત્રકાર મિત્રો, એજન્ટોને નમ્ર વિનંતી કે, આપનાં વિસ્તારનાં તમામ સમાચારો ઈ–મેઈલ amreliexpress7@gmail.com એડ્રેસ પર જ મોકલવા, અનિવાર્ય સંજોગોમાં જ ''વોટસએપ'' પર સમાચાર મોકલવા વિનંતી

તંત્રી

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. ઉત્સવ ડી. ઉનડકટ – ઈન્ટરવેન્શનલ કાર્ડીયોલોજીસ્ટ, હૃદયરોગ નિષ્ણાંત – તા. ૧૧/૦૯/૨૦૨૬, શુક્રવારે, સવારે ૯ થી ૩
ડો. અલ્પેશ કિકાણી – હિમેટોલોજીસ્ટ અને ઓન્કોલોજીસ્ટ, લોહી તથા કેન્સરના રોગોના નિષ્ણાંત – તા. ૧૧/૦૯/૨૦૨૬, શુક્રવારે, સાંજે ૪:૩૦ થી ૫:૩૦
ડો. આકાશ માકડીયા – પેડિયાટ્રિક ઓર્થો સર્જન, બાળકોના હાડકાના રોગોના નિષ્ણાંત – તા. ૧૧/૦૯/૨૦૨૬, શુક્રવારે, સાંજે ૪:૩૦ થી ૬
ડો. જીગર પટેલ – પીડીયાટ્રીક સર્જન, નવજાત શિશુ તથા નાના બાળકોની સર્જરીના નિષ્ણાંત સર્જન – તા. ૧૧/૦૯/૨૦૨૬, શુક્રવારે, સાંજે ૫ થી ૬
ડો. મનિષ પકણી – ન્યુરો ફીજીશ્યન, મગજના રોગોના નિષ્ણાંત – તા. ૧૨/૦૯/૨૦૨૬, શનિવારે, સવારે ૧૧ થી ૧
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨–૨૯૯૪૩૪
ડોકટર હાઉસ અમરેલી – કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S.) ડો. દ્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ – અમદાવાદ – કાયમી કન્સલ્ટન્ટ

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
સ્પે. ગુજરાતી થાળી
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ફ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS)
દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

Sheetal
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Namkeen Sales HOD - 1
• Liaisonig Officer - 2
• Sales & Marketing Officer - 3
• Cashier - 2
• Sales Co - Ordinator - 7
• Business Development Manager - 1
• Franchise Development Manager - 1
• Junior Accountant - 2
• Billing Operator - 2
• Telecaller - 1
• Reporting Manager - 2
• HR - Recruiter - 1
Only Male Candidates With Experience May Apply.
Location : Amreli, Gujarat.
APPLY NOW

## ગાંધીનાં ગુજરાતમાં દારૂનું વેચાણ, સેવન થતું હોય તે બાબત અતિ દુઃખદાયક

# કુંકાવાવ નજીકનાં નાજાપુર ગામે મહિલાઓનો દેશી દારૂ સામે હલ્લાબોલ

**સતત ૨ દિવસ સુધી મહિલાઓએ દેશી દારૂનાં દુષણને ડામવા કવાયત કરી**

**દેશી દારૂની પોટલીઓ ફેંકી દેવાતી હોય તેવો વિડીયો પણ વાયરલ**

**સ્થાનિક પોલીસની કામગીરી સામે મહિલાઓએ ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા**

**દેશી દારૂનાં દુષણથી અનેક પરિવારોની આર્થિક, સામાજિક અને આરોગ્યલક્ષી હાલત ખરાબ બને છે**



અમરેલી, તા. ૧૦

દેશનાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મભૂમિ ગુજરાતમાં દારૂબંધીનો કડક કાયદો અમલમાં છે છતાં પણ રાજયમાં ઠેકઠેકાણેથી દેશી–વિદેશી દારૂનું પરિવહન, વેચાણ અને સેવન ઝડપાઈ રહ્યું છે અને આ બાબત અતિ દુઃખદાયક માનવામાં આવે છે.

દરમિયાનમાં મોટી કુંકાવાવ નજીક આવેલ નાજાપુર ગામે દેશી દારૂનાં દુષણે હદ વટાવતાં ગામની જાગૃત મહિલાઓએ સતત ૨ દિવસ સુધી દેશી દારૂ સામે હલ્લાબોલ કરીને દેશી દારૂની પોટલીઓ ઝડપી લીધાનો ઘટનાક્રમ સોશ્યલ મીડિયામાં વિડીયો વાયરલ કરીને જગજાહેર કરીને સ્થાનિક પોલીસની કામગીરી સામે અનેક પ્રશ્નો ઉભા કર્યા હતા.

## ''સલામત સવારી, એસ.ટી. અમારી'' વચ્ચે સવાલ

# ઉના : એસ.ટી. ડેપોમાં ડ્રાઈવર દારૂની બોટલ લેતો હોવાનો વીડિયો વાયરલ

**મુસાફરોથી ભરેલી બસ રાજુલા પહોંચી બાદ પોલીસ કાર્યવાહી**

ઉના, તા. ૧૦

''સલામત સવારી, એસ.ટી. અમારી'' ના સૂત્ર વચ્ચે ઉના એસ.ટી. ડેપોમાં બનેલી એક ઘટનાએ મુસાફરોની સલામતી અને એસ.ટી. વિભાગની દેખરેખ સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે. જૂનાગઢથી રાજુલા જતી એસ.ટી. બસનાં ડ્રાઈવર દ્વારા ઉના એસ.ટી. ડેપો ખાતે વિદેશી દારૂની બોટલ લેવામાં આવી હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. આ મામલે ડ્રાઈવર સામે પોલીસ ફરિયાદ તેમજ એસ.ટી. વિભાગીય કાર્યવાહી હાથ ધરવામા આવી છે.

મળતી વિગતો તા. ૯ સપ્ટેમ્બરનાં રોજ જૂનાગઢથી રાજુલા જતી એસ.ટી. બસ નંબર જીજે–૧૮–જેડ–૯૩૮૮ બપોરે આશરે ૧૨:૩૦ વાગ્યે જૂનાગઢથી રવાનાં થઈ હતી. બસ સાંજે આશરે ૬:૩૦ વાગ્યે ઉના એસ.ટી. ડેપો ખાતે પહોંચી હતી, જયાં આશરે ૧૦ મિનિટનો હોલ્ટ હતો.

આ દરમિયાન વાયરલ થયેલા વીડિયોમાં બસનાં ડ્રાઈવર ભૂપતભાઈ ડાભી દ્વારા વિદેશી દારૂની બોટલ લેવામાં આવી હતી. જેમાં એક વ્યક્તિ સ્કૂટર લઈ બસ સ્ટેશનમાં દાખલ થાય છે અને બસ પાસે આવી બોટલ આપતો હોવાનું વીડિયોમાં સ્પષ્ટ જોવા મળે છે.

ઉના એસ.ટી. ડેપો પરથી બસ સભર આશરે ૬:૪૫ વાગ્યે મુસાફરો સાથે રાજુલા તરફ રવાના થઈ હતી. રાત્રે આશરે ૮ વાગ્યાની આસપાસ બસ રાજુલા પહોંચી હતી.

બાદમાં વાયરલ વીડિયો અંગે ઉના અને રાજુલા એસ.ટી. ડેપો મેનેજમેન્ટ વચ્ચે વાતચીત થઈ હતી. ઉના ડેપો મેનેજર મકવાણા દ્વારા રાજુલા ડેપો મેનેજર મમતાબેન જોશીને ઘટનાની જાણ કરવામાં આવી હતી.

ત્યારબાદ રાજુલા એસ.ટી. ડેપો મેનેજમેન્ટ દ્વારા પોલીસનો સંપર્ક



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

કરવામાં આવ્યો હતો અને આશરે ૧૧:૩૫ વાગ્યે ડ્રાઈવર ભૂપતભાઈ ડાભીને પોલીસને સોંપવામાં આવ્યા હતા.

બ્રેથ એનાલાઈઝર ટેસ્ટમાં ૦.૩૫ એમજી/૧૦૦ એમએલ રીડિંગ પોલીસની હાજરીમાં પંચ સાક્ષીઓ સમક્ષ ડ્રાઈવરનો બ્રેથ એનાલાઈઝર ટેસ્ટ કરવામાં આવ્યો હતો. જેમાં ૦.૩૫ એમજી/૧૦૦ એમએલ રીડિંગ નોંધાયું હોવાનું જાણવા મળે છે.

રાજુલા એસ.ટી. ડેપો મેનેજર મમતાબેન જોશીના જણાવ્યા મુજબ, ડ્રાઈવરનાં મોઢા માંથી દારૂની ગંધ આવતી હતી અને આંખો લાલ જણાતી હતી. સમગ્ર મામલે પોલીસને લેખિત જાણ કરવામાં આવી હતી અને રાત્રે આશરે ૧૨:૪૫ વાગ્યે ફરિયાદ નોંધાઈ હતી.

આ મામલે એસ.ટી. વિભાગ દ્વારા પણ ડ્રાઈવર સામે વિભાગીય કાર્યવાહી કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. દૂધ–છાસ લેવા બહાર જવું પડે, તો દારૂની બોટલ બસ સુધી કેવી રીતે પહોંચી ?

આ ઘટનાએ ઉના એસ.ટી. ડેપોની વ્યવસ્થા સામે પણ સવાલો ઉભા કર્યા છે. જઝના ડ્રાઈવર– કન્ડકટરને દૂધ, છાસ કે અન્ય સામાન્ય જરૂરિયાતની વસ્તુઓ લેવા માટે બસ સ્ટેશનની બહાર જવું પડતું હોવાની ચર્ચા છે.

પરંતુ બીજી તરફ, દારૂની બોટલ બસ સુધી પહોંચાડવામાં આવી હોવાનો વીડિયો સામે આવતા સવાલ ઉઠી રહ્યો છે કે દારૂની બોટલ એસ.ટી. ડેપો સુધી અને મુસાફરોથી ભરેલી બસ સુધી કેવી રીતે પહોંચી ?

સ્થાનિક સ્તરે ઉનામાં દારૂની હોમ ડિલિવરી અંગે અગાઉથી ચર્ચા અને રજૂઆતો થતી આવી છે. હવે આ ઘટનામાં પોલીસ તપાસ દ્વારા દારૂ સપ્લાય કરનાર વ્યક્તિ સુધી પહોંચવામાં આવે છે કે કેમ તે મહત્વનું રહેશે.

અકસ્માત થયો હોત તો જવાબદારી કોની ? આ સમગ્ર ઘટનામાં સૌથી મોટો સવાલ મુસાફરોની સુરક્ષાનો છે. જો ઉનાથી રાજુલા વચ્ચે મુસાફરોથી ભરેલી બસનો અકસ્માત સર્જાયો હોત તો જવાબદારી માત્ર ડ્રાઈવર ભૂપતભાઈ ડાભીની ગણાત કે બસ રવાનાં કરતાં પહેલાં ડ્રાઈવરની સ્થિતિ અંગે યોગ્ય ચકાસણી ન કરનાર તંત્રની પણ જવાબદારી નક્કી થાત ?

''સલામત સવારી, એસ.ટી. અમારી'' સૂત્ર તો બસ પર લખાયેલું છે, પરંતુ મુસાફરોની સલામતીની જવાબદારી આખી વ્યવસ્થાની છે કે માત્ર ડ્રાઈવરની ? આ સવાલનો જવાબ હવે તપાસ માંથી બહાર આવવો જરૂરી છે.

## શહેરીજનો ખોબલે–ખોબલે મત આપે ને બદલામાં મળે પરેશાની

# સાવરકુંડલામાં ગંદકીનાં ગંજ અને પીવાનાં પાણીનો વેડફાડ : પાલિકાનાં શાસકોનો બેદરકાર વહીવટ

**શાસકોએ સમજવુ જોઈએ કે વિકાસની વાતો અને વિકાસ વચ્ચે અંતર હોય છે**



સાવરકુંડલા, તા. ૧૦

સાવરકુંડલા શહેરનાં દેવળ ાગેટ વિસ્તારમાં આવેલી પ્રખ્યાત ''શામજી બાપુ શાકમાર્કેટ'' નજીક હાલ ગંદકીનું સામ્રાજય અને પાણીનો બેફામ બગાડ ચિંતાજનક સપાટીએ પહોંચ્યો છે. એક તરફ કેન્દ્ર સરકાર દ્વારા સ્વચ્છતા અભિયાન પાછળ લાખો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી રહી છે, ત્યારે બીજી તરફ સાવરકુંડલા નગરપાલિકાનાં સત્તાધીશોની અણઆવડત અને નિષ્ક્રિયતાને કારણે સ્થાનિક રહીશો તથા વેપારીઓ નર્કાગાર જેવી સ્થિતિ ભોગવવા મજબૂર બન્યા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, બંધ પડેલી શાકમાર્કેટ પોતે જ નગરપાલિકાની અણઆવડતનો જીવંત નમૂનો છે. અહીં લાંબા સમયથી કચરાનાં ઢગલા ખડકાયેલા રહે છે. આવી જ સ્થિતિ મહાપ્રભુજીની બેઠકજી પાસે પણ જોવા મળે છે, જયાં ગંદકી અને ગંદા પાણીનું મોટું તળાવ ભરાઈ ગયું છે. સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા પણ અનેકવાર આ અંગે તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું છે, પરંતુ લોકોની આ વેદનાં તંત્રના બહેરા કાને અથડાઈને પરત ફરે છે. આવા તો સાવરકુંડલા શહેરમાં ઘણા લોકેશન છે. જયાં ગંદકીનાં કચરાનાં ગંજ જોવા મળે છે. માત્ર સાવરણી પકડી ફોટો પડાવવાથી આ સમસ્યાનું નિરાકરણ ન થઈ શકે. એ માટે નિષ્ઠાપૂર્વકનાં સહાયારા પ્રયાસ પણ કરવા પડે.

ત્યારે એક તરફ સાવરકુંડલાનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા શહેરનાં વિકાસ અને કાયાપલટ માટે સતત પ્રયત્નશીલ છે, પરંતુ નગરપાલિકા તંત્રની આવી આળસુ નીતિને કારણે તેમની મહેનત પર પાણી ફરી વળતું હોય તેમ લાગી રહ્યું છે. તંત્રનાં પદાધિકારીઓ અને અધિકારીઓ માત્ર મોટા મોટા કાર્યક્રમો અને ફંકશનોમાં હાજરી આપવાને બદલે શહેરની પ્રાથમિક સમસ્યાઓ ઉકેલવામાં સમય ફાળવે તે ઈચ્છનીય છે. હાલ આ વિસ્તારમાં ગંદકીનાં કારણે રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે. જો નગરપાલિકા દ્વારા સત્વરે આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવે એ સાંપ્રત સમયની માંગ છે શું તંત્ર પણ હજુ આ સંદર્ભે સ્થાનિકો દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન શરૂ કરે તેની રાહ જોઈ રહ્યુ છે ?

**જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર**

**અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...**

**અનિલસિંહ જનવાર : Mo.9426831241**

# અમરેલી : માતૃશ્રી મોંઘીબા મહિલા કોલેજ ખાતે એન.સી.સી. કેડેટસ માટે ''હેલ્ધી લાઈફ સ્ટાઈલ'' ઉપર વ્યાખ્યાન યોજાયું



અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ–અમરેલી ખાતે તા. ૯/૯/૨૦૨૬નાં રોજ એનસીસી વિભાગ ધ્વારા એનસીસી કેડેટસ માટે Life Style Lectureનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનમાં Prof. Bhushan Joshi અને ANO Lt. Manish Sagathiya ધ્વારા કેડેટસને Healthy Life Style અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.

કેડેટસને સંતુલિત આહાર, નિયમિત કસરત, પૂરતી ઊંઘ, સ્વચ્છતા, સકારાત્મક વિચારસરાણી અને શિસ્તબધ્ધ જીવનશૈલીનું મહત્વ સમજાવવામાં આવ્યું. સાથે જ જરૂરિયાતમંદ વ્યકિતઓને મદદ કરવી, સમાજમાં જાગૃતિ ફેલાવવી અને સેવા ભાવનાં કેળવવા માટે પણ પ્રેરણા આપવામાં આવી.

કોલેજનાં ઈન્ચાર્જ આચાર્ય ડો. વિલાસબેન સોરઠિયાનાં માર્ગદર્શન હેઠળ આયોજીત આ વ્યાખ્યાનમાં કુલ ૪૮ એનસીસી કેડેટસે ભાગ લીધો અને સ્વસ્થ જીવન તથા સમાજસેવા અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન મેળવ્યું. કાર્યક્રમમાં અંતમાં એનસીસી ધ્વારા સ્વસ્થ લાઈફસ્ટાઈલ માટે સંકલ્પ લેવામાં આવેલ.

# સાવરકુંડલામાં શિવ પાલખી યાત્રા યોજાઈ : શ્રદ્ધાળુઓનો મહાસાગર ઉમટયો



સાવરકુંડલા શ્રદ્ધાનાં કેન્દ્ર શ્રી રિદ્ધિ સિદ્ધિનાથ મહાદેવનાં સાનિધ્યમાં પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ભવ્ય શિવ પાલખી યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા ૨૮ વર્ષથી અવિરત પણે ચાલતી પરંપરા મુજબ રૂદ્ર ગણ દ્વારા શ્રાવણ માસ દરમિયાન શિવ આરાધના અર્થે અખંડ ધૂન મંડળ યોજાય છે, જે અંતર્ગત આ દિવ્ય પાલખી યાત્રા નગરના મુખ્ય માર્ગો પર ફરી હતી. પાલખી યાત્રામાં નાના બાળકો ભસ્મ તિલક લગાવી શિવજી, નંદી અને હનુમાનજી સહિત વિવિધ દિવ્ય પાત્રોની વેશભૂષા ધારણ કરી રૂદ્રનાં ગણ બન્યા હતા. નગરનાં માર્ગો પર ઠેર–ઠેર ભાવિકો દ્વારા પૂજન –આરતી કરી પાલખીનું ભાવભર્યુ સ્વાગત કરાયું હતું. ભસ્મથી રંજિત વાતાવરણ વચ્ચે ''હર હર મહાદેવ'' ના નાદ સાથે સમગ્ર સાવરકુંડલા નગર શિવમય બની ગયું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં નગરજનો અને શિવભક્તો જોડાયા હતા.

## અમરેલી જિલ્લાનાં વાતાવરણમાં ૨ દિવસથી પલ્ટો આવ્યો


# સાવરકુંડલા, લીલીયા અને ખાંભા પંથકમાં વરસાદી માહોલ


**વાંકુની ધાર વિસ્તારમાં ૧.૫ થી ૨ ઈંચ જેટલા વરસાદથી નદી-નાળામાં નવા નીરનું આગમન**

**સાવરકુંડલાનાં વંડા, નેસડી, મેવાસા, મોટા ભમોદ્રા સહિતનાં ગામોમાં પણ વરસાદ પડયો**

**ખાંભાનાં અનિડા, ભાડ, મોટા સમઢિયાળા, ધારીનાં વીરપુર, ઈંગોરાળામાં પણ વરસાદી ઝાંપટા પડયા**

**અનેક ગામોમાં વરસાદ પડવાથી ખેડૂતો, પશુપાલકો અને ગ્રામજનોમાં ખૂશીનો માહોલ છવાયો**










અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લામાં લાંબા સમયથી વરસાદ ખેંચાતા ચિંતામાં મુકાયેલા અમરેલી જિલ્લાના ખેડૂતો માટે આજે ગુરૂવારે વરસાદી માહોલ આશાનું કિરણ લઈને આવ્યો હતો. જિલ્લામાં સતત બીજા દિવસે અનેક વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. ખાસ કરીને ખાંભા તાલુકાના વાંકુનીધાર પંથકમાં અનરાધાર વરસાદ વરસતાં અંદાજે દોઢથી બે ઈંચ જેટલો વરસાદ નોંધાયો હોવાનું જાણવા મળ્યું હતું. ભારે વરસાદના પગલે નદી-નાળામાં નવા નીર આવ્યા હતા અને ખેડૂતોમાં ખુશીની લહેર જોવા મળી હતી.

અમરેલી જિલ્લાના અનેક ગામોમાં બપોર બાદ અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. લીલીયા તાલુકાના હરીપર ગામે ધોધમાર વરસાદ પડતાં રસ્તાઓ પર પાણી ફરી વળ્યાં હતાં. બીજી તરફ સાવરકુંડલા તાલુકાના વંડા ગામે પણ ધોધમાર વરસાદ વરસ્યો હતો. સાવરકુંડલાના મહુવા રોડ પંથકમાં આવેલા વીજપડી અને ખડસલી સહિતના ગામોમાં સતત બીજા દિવસે હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડતાં ગરમી અને બફારામાંથી લોકોને રાહત મળી હતી.

સાવરકુંડલા તાલુકાના નેસડી, મેવાસા, શેલણા, મોટા ભમોદ્રા સહિતના ગામોમાં પણ બપોર બાદ વરસાદનું આગમન થયું હતું. વરસાદી માહોલ સર્જાતા લાંબા સમયથી વરસાદની કાગડોળે રાહ જોઈ રહેલા ખેડૂતોમાં આશા બંધાઈ છે. ખાસ કરીને વરસાદ ખેંચાતા જ્યાં પાકને પાણીની તાતી જરૂરિયાત ઊભી થઈ હતી તેવા વિસ્તારોમાં વરસાદી ઝાપટાંથી ખેડૂતોને થોડી રાહત મળી છે.

ખાંભા તાલુકાના ગીરકાંઠાના અનિડા, ભાડ અને મોટા સમઢિયાળા સહિત આસપાસના વિસ્તારોમાં પણ વરસાદ પડ્યો હતો. જયારે ધારી તાલુકાના વીરપુર, ઈંગોરાળા પંથકમાં પણ વરસાદી ઝાપટાં પડતાં ખેડૂતોમાં ખુશી છવાઈ હતી.

ખાંભા તાલુકાના વાંકુનીધાર વિસ્તારમાં વરસાદે જોર પકડતાં ટૂંકાગાળામાં અંદાજે ૧.૫ થી ૨ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હોવાનું જાણવા મળ્યું છે. ભારે વરસાદના પગલે સ્થાનિક નદી-નાળામાં પાણીનો પ્રવાહ વધ્યો હતો અને કેટલાક સ્થળોએ પૂર જેવી સ્થિતિ જોવા મળી હતી. લાંબા વિરામ બાદ નોંધપાત્ર વરસાદ થતાં ગ્રામ્ય પંથકમાં પણ આનંદનો માહોલ જોવા મળ્યો હતો.

છેલ્લા ઘણા સમયથી વરસાદ ખેંચાતા અમરેલી જિલ્લાના અનેક ગામોમાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા હતા. વાવેતર કરેલા પાકને પૂરતા પાણીની જરૂરિયાત ઊભી થઈ હતી ત્યારે સતત બીજા દિવસે વિવિધ પંથકોમાં વરસાદી ઝાપટાં પડતાં હવે મેઘરાજા મહેરબાન થશે તેવી ખેડૂતોમાં આશા જાગી છે.

જોકે જિલ્લામાં વરસાદનું વિતરણ અલગ-અલગ વિસ્તારોમાં અલગ રહ્યું છે. કેટલાક ગામોમાં ધોધમાર વરસાદ પડયો છે તો કેટલાક વિસ્તારોમાં માત્ર હળવા ઝાપટાં જ પડયા છે. તેમ છતાં લાંબા વિરામ બાદ પડેલા વરસાદથી જગતના તાતમાં ફરી એકવાર આશાનો સંચાર થયો છે અને ખેડૂતો હવે આગામી દિવસોમાં સારો વરસાદ થાય તેવી મીટ માંડીને બેઠા છે.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

ભારતમાં સૌથી સારો મેડીકલેઈમ
મેડીકલેઈમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઈમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA
NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com

CASH DISCOUNT
₹ 4000*
Shine 100 DX
સપ્ટેમ્બરની ધમાકેદાર શરૂઆત અને પરીખ હોન્ડા તરફ થી જબરદસ્ત ઓફર
*OFFER TILL 01/09/2026 TO 30/09/2026
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.
બાબરા • બગસરા • કુકાવાવ • ધારી • વડીયા • દામનગર

હમરાજ ગાઠીયા હાઉસ
આદિત્ય
શુધ્ધ સીંગતેલમાં ગરમા-ગરમ વણેલા ગાઠીયા
અમારે ત્યાં સવારે ૭ થી બપોરે ૧ સુધી
દર શનિવારે અને મંગળવારે તાજે-તાજી શુધ્ધ માહી ઘી માં ડ્રાયફ્રુટથી ભરપુર મીઠી ગુંદી મળશે
બપોર પછી ૬ થી ૯ સુધી તમામ ફરસાણ શુધ્ધ સીંગતેલમાં મળશે ૧ કિલોનો ભાવ માત્ર રૂા. ૨૮૦/-માં
સ્થળ : જુના માર્કેટયાર્ડના ગેઈટની સામે, કિષ્ના ડાઈનિંગ હોલની નીચે, અમરેલી
સંપર્ક ભાણાભાઈ મો : ૯૭૩૭૦ ૫૮૧૬૪

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વોટરપ્રુફ, રિચાર્જેબલ, બ્લુટૂથ ટેકનોલોજી, AI ટેકનોલોજી, બેસ્ટ સાઉન્ડ કવોલિટી, વ્યાજબી કિંમત
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

MARUTI SUZUKI ARENA
CELEBRATE NEW YEAR WITH AMAZING PRICES.
DZIRE
Happy New Year 2026
₹6.26 LAKH
S-CNG
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

FLEX YOUR RIDE WITH HYBRID POWER
NEW Fascino 125 Fi HYBRID
EFFICIENT AND POWERFUL 125CC Fi ENGINE
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ ખમણ હાજરમાં મળશે. ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે.લીલીયા રોડ.અમરેલી.

Hero
FESTIVAL OFFER
Destini 110 પર બમ્પર ₹2100 કેશ ડિસ્કાઉન્ટ
DESTINI 110
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

### પુતિન-પેઝેશ્કિયાન પણ બનશે મહેમાન

# BRICS સમિટઃ ૭ વર્ષ બાદ ભારત આવશે શી જિનપિંગ

## ૧૨ સપ્ટેમ્બરે મોદી સાથે દ્વિપક્ષીય બેઠકની શક્યતા છે : ગલવાન સંઘર્ષ બાદ આ પ્રથમ મુલાકાત : દિલ્હીમાં ૩૦,૦૦૦ સુરક્ષાકર્મીઓ તૈનાત કરાયા

નવી દિલ્હી, તા.૧૦

ગલવાન સંઘર્ષ બાદ ભારત અને ચીન વચ્ચેના સંબંધો વચ્ચે જે તિરાડ પડી હતી તે બાદ હવે બ્રિક્સ સમિટમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિમંત્રણ પર ચીનના પ્રમુખ શી જિનપિંગ સાત વર્ષ પછી ભારતની મુલાકાતે આવી રહ્યા છે. ચીનના વિદેશ મંત્રાલયે આજે સત્તાવાર જાહેરાત કરી છે કે શી જિનપિંગ ૧૨ અને ૧૩ સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હીમાં યોજાનારી ૧૮મી BRICS સમિટમાં ભાગ લેશે.

આટલું જ નહીં બ્રિક્સ સમિટની સાથે ૧૨ સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા ચીનના પ્રમુખ વચ્ચે દ્વિપક્ષીય બેઠક યોજાય તેવી પણ પ્રબળ શક્યતાઓ છે. નોંધનીય છે કે આ અગાઉ કિર્ગિસ્તાનમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) સમિટ દરમિયાન બંને દેશના વડાઓએ મંચ શેર કરીને હાથ મિલાવ્યા હતા, પરંતુ કોઈ સત્તાવાર દ્વિપક્ષીય બેઠક થઈ નહોતી. તે ઉપરાંત ઓક્ટોબર ૨૦૨૪માં રશિયાના કઝાન ખાતે BRICS સમિટ દરમિયાન બંને વચ્ચે મુલાકાત થઈ હતી.

શી જિનપિંગનો આ ભારત પ્રવાસ ૨૦૧૯ પછીનો પ્રથમ પ્રવાસ છે. ૨૦૧૯માં તેઓ ચેન્નાઈ નજીક મામલ્લાપુરમ ખાતે વડાપ્રધાન મોદી સાથે સમિટ માટે આવ્યા હતા. અગાઉ, તેઓ ૨૦૧૪માં બંને નેતાઓના પ્રથમ કાર્યકાળ દરમિયાન ભારત આવ્યા હતા અને ત્યારબાદ ૨૦૧૬માં ગોવા ખાતે યોજાયેલી BRICS સમિટમાં ભાગ લીધો હતો.

વર્ષ ૨૦૨૦ ના જૂન મહિનામાં ગલવાન ઘાટીમાં થયેલા લોહિયાળ સંઘર્ષમાં ભારતના ૨૦ જવાનો વીરગતિ પામ્યા હતા, ત્યારથી સરહદ પર તણાવપૂર્ણ સ્થિતિ હતી. જોકે, બંને પક્ષોએ લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ પરના વિવાદિત પોઈન્ટ્સ પરથી સૈનિકોને પાછા ખેંચીને પરિસ્થિતિ સ્થિર કરવાનો પ્રયાસ કર્યો છે, છતાં સમગ્ર સીમા વિવાદ હજુ વણઉકેલાયેલો છે.

આ મુલાકાત પહેલાં ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલે ઉચ્ચ સ્તરીય ચર્ચા માટે ચીનનો પ્રવાસ કર્યો હતો. સરહદ સંબંધી બાબતો માટેની 'વર્કિંગ મિકેનિઝમ ફોર કન્સલ્ટેશન એન્ડ કોઓર્ડિનેશન' (WMCC) અને બંને દેશોના વિશેષ પ્રતિનિધિઓ વચ્ચે બેઠકોનો દોર ચાલ્યો હતો. આ આગામી બેઠકમાં સરહદી સમસ્યા, પ્રાદેશિક સુરક્ષા, વેપાર અને રોકાણ, લોકો વચ્ચેના આદાન-પ્રદાન તેમજ ન્છઝ પર તણાવ અટકાવવાની કાયમી વ્યવસ્થાઓ પર ચર્ચા થઈ શકે છે. પશ્ચિમ એશિયામાં અસ્થિરતા, અમેરિકાના ટેરિફ પગલાં અને રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે ભારત અને ચીનનું સાથે આવવું વૈશ્વિક સ્તરે અત્યંત અગત્યનું છે.

વૈશ્વિક નેતાઓના આગમનને ધ્યાનમાં રાખીને રાજધાની દિલ્હીમાં અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. એરપોર્ટ, હોટલો અને મુખ્ય કાર્યક્રમ સ્થળ 'ભારત મંડપમ' ખાતે આશરે ૩૦,૦૦૦ જેટલા સુરક્ષાકર્મીઓ તહેનાત કરવામાં આવ્યા છે, જેમાં અડધા દિલ્હી પોલીસના અને બાકીના અર્ધલશ્કરી દળોના જવાનો છે.

ચીન અને રશિયાની પોતાની એડવાન્સ સુરક્ષા ટીમો અત્યાધુનિક હથિયારો અને ઉપકરણો સાથે દિલ્હી આવી પહોંચી છે. આ ટીમો નેતાઓ જે હોટલમાં રોકાવાના છે તેના ગ્રાઉન્ડ ફ્લોર, રૂફટોપ અને પ્રમુખોના રૂમવાળા માળ પર તહેનાત થઈ ચૂકી છે. દિલ્હી પોલીસ દ્વારા હોટલના પ્રત્યેક કર્મચારીનું બેકગ્રાઉન્ડ વેરિફિકેશન કરવામાં આવ્યું છે, જેમાં દિલ્હી તેમજ તેમના મૂળ રાજ્યોમાંથી રેકોર્ડ તપાસવામાં આવ્યા છે. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની સુરક્ષા વ્યવસ્થા દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલને સોંપવામાં આવી છે. જ્યારે રશિયન પ્રમુખ જે હોટલમાં રોકાશે ત્યાં એક એડિશનલ ડીસીપી અને બે એસીપી અલગ-અલગ શિફ્ટમાં ખડેપગે રહેશે. રશિયા અને ચીન બંને દેશોના રાષ્ટ્રપતિઓ પોતાના વિશેષ વિમાનો દ્વારા પોતાના સુરક્ષા વાહનો અને કાફલાની લક્ઝરી કાર્સ સાથે લાવશે. મુલાકાતી પ્રતિનિધિમંડળોમાં આ બંને દેશોનો કાફલો સૌથી વિશાળ હશે. સુરક્ષા અને પ્રોટોકોલને ધ્યાનમાં રાખીને તમામ વિદેશી મહાનુભાવોને ચાણક્યપુરી અને નવી દિલ્હીની અલગ-અલગ હોટલોમાં રોકાણ ફાળવવામાં આવ્યું છે. રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન ૧૧ સપ્ટેમ્બરે પહોંચશે, જ્યારે ચીનના પ્રમુખ શી જિનપિંગ ૧૨ સપ્ટેમ્બરે પાલમ એરફોર્સ સ્ટેશન ખાતે ઉતરાણ કરશે.

### નફાનો આંકડો જાણી ચોંકી જશો

# મોંઘવારીથી જનતાના ખિસ્સા ખાલી, પણ ઓઈલ કંપનીઓને જલસા!

## ક્રૂડ તેલના ભાવ ૧૦૦ ડોલરને પાર પહોંચતા Indian Oil, BPCL અને HPCL જેવી સરકારી ઓઈલ કંપનીઓને મોટો ફાયદો થયો છે

નવી દિલ્હી, તા.૧૦

આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલના ભાવમાં તાજેતરમાં મોટો ઉછાળો આવ્યો છે અને તે પ્રતિ બેરલ ૧૦૦ ડૉલરને પાર પહોંચી ગયો છે. દેશમાં મે મહિનાથી પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થિર હોવા છતાં સામાન્ય જનતા મોંઘવારીનો સામનો કરી રહી છે, જ્યારે બીજી તરફ સરકારી ઓઈલ કંપનીઓ માટે મોટી કમાણીનો તબક્કો શરૂ થયો છે.

જુલાઈથી સપ્ટેમ્બરના ત્રિમાસિક ગાળામાં ઈન્ડિયન ઓઈલ, BPCL અને HPCLનો કુલ નફો ૧૪,૪૭૦ કરોડ રૂપિયા રહેવાનો અંદાજ છે. નોંધનીય બાબત એ છે કે એપ્રિલથી જૂનના પ્રથમ ક્વાર્ટરમાં આ જ કંપનીઓને ૧૮,૧૫૦ કરોડ રૂપિયાનું જંગી નુકસાન થયું હતું, જે હવે સીધા મોટા નફામાં ફેરવાઈ ગયું છે.

રિફાઈનિંગ માર્જિનની મજબૂતી અને માર્કેટિંગ માર્જિનમાં આવેલા જબરદસ્ત સુધારાના કારણે આ મોટો પલટો આવ્યો છે. ICICI સિક્યોરિટીઝના રિપોર્ટ અનુસાર, તાજેતરના અઠવાડિયામાં માર્જિનમાં થોડો ઘટાડો નોંધાયો હોવા છતાં, બીજી ક્વાર્ટરની સરેરાશ સ્થિતિ પ્રથમ ક્વાર્ટર કરતાં ઘણી વધુ મજબૂત રહી છે. જો સપ્ટેમ્બરના બાકી દિવસોમાં આ જ ટ્રેન્ડ ચાલુ રહેશે, તો ઓઈલ માર્કેટિંગ કંપનીઓ ટેક્સ ચૂકવ્યા પછી પણ મજબૂત ચોખ્ખો નફો નોંધાવશે.

કઈ સરકારી કંપની કેટલો નફો રળશે?

૧૫ ઈન્ડિયન ઓઈલને બીજી ક્વાર્ટરમાં આશરે ૭,૩૦૩ કરોડ રૂપિયાનો નફો થવાની શક્યતા છે, જ્યારે પ્રથમ ક્વાર્ટરમાં કંપનીએ ૨,૬૬૧ કરોડ રૂપિયાનું નુકસાન વેઠ્યું હતું.

૨૫ BPCLને પ્રથમ ક્વાર્ટરના ૩,૯૬૨ કરોડ રૂપિયાના નુકસાન સામે આ વખતે ૪,૫૨૦ કરોડ રૂપિયાનો નફો થઈ શકે છે.

૩૫ HPCL પણ મોટી ખોટમાંથી બહાર આવી રહી છે, જેને પ્રથમ ક્વાર્ટરના ૧૧,૫૨૬ કરોડ રૂપિયાના ભારે નુકસાન સામે બીજી ક્વાર્ટરમાં ૨,૬૪૭ કરોડ રૂપિયાનો ચોખ્ખો નફો થવાનો અંદાજ છે. કંપનીઓની કમાણી વધવાનું મુખ્ય કારણ માર્કેટિંગ માર્જિનમાં થયેલો સુધારો છે. ત્રણેય કંપનીઓ માટે પેટ્રોલ પર પ્રતિ લિટર ૨.૯ રૂપિયા અને ડીઝલ પર પ્રતિ લિટર ૧.૩ રૂપિયાનું માર્જિન રહેવાનું અનુમાન છે, જે પ્રથમ ક્વાર્ટરમાં પેટ્રોલ પર માઈનસ ૬.૧ રૂપિયા અને ડીઝલ પર માઈનસ ૧૮.૯ રૂપિયા જેટલું નેગેટિવ હતું. ડીઝલ બનાવવું પેટ્રોલ કરતાં મોંઘું પડે છે, છતાં ભારતમાં તેના ભાવ પેટ્રોલ કરતાં ઓછા રાખવામાં આવે છે. બીજી તરફ રિફાઈનિંગ માર્જિનમાં ઈન્ડિયન ઓઈલનું માર્જિન બીજી ક્વાર્ટરમાં ૧૫ ડૉલર પ્રતિ બેરલ આસપાસ સ્થિર રહેવાની ધારણા છે, જે અગાઉ ૧૫.૬ ડૉલર હતું. જોકે BPCLનું માર્જિન ૪૧.૪ ડૉલરથી ઘટીને ૧૮ ડૉલર પ્રતિ બેરલ અને HPCLનું માર્જિન ૨૩.૮ ડૉલરથી ઘટીને ૧૬ ડૉલર પ્રતિ બેરલ રહેવાનો અંદાજ લગાવવામાં આવ્યો છે.

### મોદીએ દુનિયાને જણાવ્યું ભારતનું સ્પેસ મિશન

# ૨૦૩૫ સુધીમાં સ્પેસ સ્ટેશન, ૨૦૪૦ સુધીમાં ચંદ્ર પર ભારતીય

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પેરિસમાં ચાલી રહેલી ઈન્ટરનેશનલ સ્પેસ સમિટને વર્ચ્યુઅલી સંબોધિત કરી

નવી દિલ્હી, તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે પેરિસમાં ચાલી રહેલી ઈન્ટરનેશનલ સ્પેસ સમિટ (International Space Summit)ને વર્ચ્યુઅલી સંબોધિત કરી હતી. પોતાના સંબોધનની શરૂઆતમાં વડાપ્રધાન મોદીએ આ સમિટમાં આમંત્રણ આપવા બદલ ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોંનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું કે, સદીઓથી અવકાશ (અંતરિક્ષ/સ્પેસ) આપણી કલ્પનાઓને પ્રેરિત કરતું આવ્યું છે અને આજે તે પૃથ્વી પર જીવ બચાવવામાં પણ મદદરૂપ બની રહ્યું છે. તેમણે કહ્યું કે, ''અંતરિક્ષની સંભાવનાઓ અમર્યાદિત છે. આપણી જવાબદારી સામૂહિક છે.''વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ''ભારતનો અભિગમ 'વસુધૈવ કુટુંબકમ' પર આધારિત છે, એટલે કે 'એક પૃથ્વી, એક પરિવાર અને એક ભવિષ્ય'. આ ભાવના પૃથ્વીની બહારના અંતરિક્ષ ક્ષેત્રમાં પણ પહોંચવી જોઈએ. અમે આંતરરાષ્ટ્રીય કાયદા પર આધારિત એક સુરક્ષિત અને ટકાઉ અંતરિક્ષ ક્ષેત્રનું સમર્થન કરીએ છીએ.'' તેમણે વધુમાં કહ્યું કે, ''વૈજ્ઞાનિક ડેટાનો ઉપયોગ ઈમાનદારી સાથે એક સહિયારા લક્ષ્ય માટે કરવો જોઈએ. ભારતની અંતરિક્ષ યાત્રા (અવકાશ યાત્રા) પણ આ વિચારને પ્રતિબિંબિત કરે છે.'' પીએમ મોદીએ ભારતીય સ્પેસ એજન્સી ઈસરો (ISRO)ની પણ પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે, ''ઈસરો (ISRO)ની ટેક્નોલોજી અને પાર્ટનરશિપ માત્ર ભારત માટે જ નહીં, પરંતુ આખી દુનિયા માટે ઉપયોગી થાય છે. આ વૈશ્વિક વિશ્વાસ પાછળ ભારતીય વૈજ્ઞાનિકો, એન્જિનિયરો અને ટેક્નિશિયનોની અનેક પેઢીઓની મહેનત અને સમર્પણ છે. દિવસ-રાત કામ કરીને તેમણે ઈસરોની સાખ બનાવી છે.''વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈન્ટરનેશનલ સ્પેસ સમિટ દરમિયાન ભારતના અંતરિક્ષ મિશન (સ્પેસ મિશન) વિશે પણ દુનિયાને જણાવ્યું. તેમણે કહ્યું કે, ''ચંદ્રયાન-૩એ ભારતને ચંદ્રના દક્ષિણ ધ્રુવની નજીક સફળતાપૂર્વક ઉતરનાર પ્રથમ દેશ બનાવ્યો. આદિત્ય-૧ સૂર્યના રહસ્યોનો અભ્યાસ (સ્ટડી) કરી રહ્યું છે. ગયા વર્ષે એક ભારતીય અંતરિક્ષયાત્રીએ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનની મુલાકાત લીધી હતી.''

ભારતની અંતરિક્ષ યાત્રાના ભવિષ્ય વિશે વાત કરતાં પીએમ મોદીએ કહ્યું કે, ''આગળની વાત કરીએ તો અમારું લક્ષ્ય ૨૦૩૫ સુધીમાં ભારતીય અંતરિક્ષ સ્ટેશન (ભારતીય સ્પેસ સ્ટેશન) સ્થાપિત કરવાનું અને ૨૦૪૦ સુધીમાં કોઈ ભારતીયને ચંદ્ર પર મોકલવાનું છે.''

# કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું મને શરમ આવે છે, હું મુંબઈ-ગોવા હાઈવેના ઉદ્ઘાટનમાં નહીં આવું

## પણજીમાં નીતિન ગડકરીએ મુંબઈ-ગોવા હાઈવેના પ્રોજેક્ટમાં થયેલા ભારે વિલંબને લઈને સીધું નિવેદન આપ્યું

ગોવા, તા.૧૦

પણજીમાં કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ મુંબઈ-ગોવા હાઈવેના પ્રોજેક્ટમાં થયેલા ભારે વિલંબને લઈને સીધું નિવેદન આપ્યું છે. ગોવામાં એક કાર્યક્રમ દરમિયાન તેમણે કહ્યું કે, આ હાઈવેના ઉદ્ઘાટનમાં તેઓ હાજર નહીં રહે. પ્રોજેક્ટ પૂર્ણ થવામાં અપેક્ષા કરતાં ઘણો વધુ સમય લાગી ગયો છે, જેના કારણે તેમને શરમ અનુભવાય છે. મુંબઈ-ગોવા હાઈવે મહારાષ્ટ્ર અને ગોવા વચ્ચેનો સૌથી મહત્વનો રોડ પ્રોજેક્ટ ગણાય છે. જોકે, જમીન સંપાદન, ટેક્નિકલ પડકારો અને અન્ય કારણોસર તેનું કામ નિર્ધારિત સમય કરતાં ઘણું લાંબું ખેંચાયું છે. તેના કારણે સ્થાનિક લોકો અને મુસાફરોને વર્ષો સુધી મુશ્કેલી ભોગવવી પડી છે. પણજીના ઉત્તરમાં બનાવવામાં આવેલા ૫.૧૫ કિલોમીટર લાંબા એલિવેટેડ રોડના ઉદ્ઘાટન સમારોહ દરમિયાન નીતિન ગડકરીએ આ વાત કહી હતી. તેમણે કહ્યું કે, ''હવે મેં તેના ઉદ્ઘાટન માટે યોગ્ય સમયની રાહ જોવાનું છોડી દીધું છે. મેં નક્કી કર્યું છે કે હું મુંબઈ-ગોવા હાઈવેના ઉદ્ઘાટન માટે નહીં જાઉં, કારણ કે તેના કામમાં થયેલા વિલંબના કારણે મને શરમ આવે છે.'' જોકે, નીતિન ગડકરીએ આશા વ્યક્ત કરી હતી કે પ્રોજેક્ટનું કામ ટૂંક સમયમાં પૂર્ણ થઈ જશે. તેમણે કહ્યું, ''ગઈકાલે મારી એક મીટિંગ થઈ હતી અને મને જણાવવામાં આવ્યું કે હાઈવેનું ૯૩-૯૪ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. ઓક્ટોબરમાં હું મુંબઈ એરપોર્ટ પર ઉતરીશ અને કામની સ્થિતિ જોવા માટે કારથી ગોવા આવીશ.''આ પ્રોજેક્ટ લગભગ ૧૫ વર્ષ પહેલાં શરૂ થયો હતો. જૂના બે-લેન હાઈવેને ચાર-લેનમાં ફેરવવાનું કામ ૨૦૧૧માં શરૂ કરાયું હતું. તેનો મુખ્ય હેતુ મુસાફરીનો સમય આશરે ૧૨ કલાકથી ઘટાડીને ૬ કલાક કરવાનો હતો. પરંતુ હાઈવેના ઘણા મહત્વના ભાગોમાં કામ લાંબા સમયથી અટકેલું રહ્યું. સોશિયલ મીડિયા પર ફોટા વાયરલ થયા બાદ બાંધકામની ગુણવત્તા અંગે પણ ચિંતા વ્યક્ત થઈ છે.

### કેન્દ્રીય મંત્રીઓને આપી ૨ ખાસ સૂચનાઓ

# વડાપ્રધાન મોદીની નજર હવે સરકારી વેબસાઇટ્સ પર

## બેઠક દરમિયાન વડાપ્રધાન મોદીએ મંત્રીઓને સરકારી વેબસાઇટ્સને વધુ યુઝર ફ્રેન્ડલી બનાવવાની સૂચના આપી હતી

નવી દિલ્હી, તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેન્દ્રીય મંત્રીઓ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. આ બેઠક દરમિયાન PM મોદીએ મંત્રીઓને સરકારી વેબસાઈટ્સને વધુ યુઝર ફ્રેન્ડલી બનાવવાની સૂચના આપી હતી, જેથી સામાન્ય લોકો કલ્યાણકારી યોજનાઓ અને સરકારી સેવાઓ અંગેની માહિતી સરળતાથી મેળવી શકે.

આ ઉપરાંત વડાપ્રધાને મંત્રીઓને સરકાર વિરુદ્ધ કરવામાં આવતી અયોગ્ય અને પાયાવિહોણી ટીકાઓનો પણ સ્પષ્ટ અને સક્રિય રીતે જવાબ આપવાની સલાહ આપી હતી. સરકારી પોર્ટલ્સને વધુ સરળ અને સુવિધાજનક બનાવવા માટે કેબિનેટ મંત્રીઓને PM મોદીએ આ નિર્દેશ એવા સમયે આપ્યો છે, જ્યારે થોડા મહિના પહેલાં કેબિનેટ સચિવ ટી.વી. સોમનાથને તમામ મંત્રાલયો અને વિભાગોને તેમની વેબસાઈટ્સની સમીક્ષા કરીને તેને વધુ સરળ બનાવવાનું સૂચન કર્યું હતું.

કેબિનેટ સચિવ ટી.વી. સોમનાથને અગાઉ યોજાયેલી કાઉન્સિલ ઑફ મિનિસ્ટર્સની બેઠકમાં ધ ઈકોનોમિસ્ટના એક રિપોર્ટનો ઉલ્લેખ કર્યો હતો. આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે ભારતમાં સામાન્ય નાગરિકો માટે સરકારી વેબસાઈટ્સનો ઉપયોગ કરવો હજુ પણ મુશ્કેલ છે. તેમના દ્વારા રજૂ કરવામાં આવેલા રિપોર્ટમાં જણાવાયું હતું કે સરકારી પોર્ટલ્સ પર પૉપ-અપ, ચમકતા બેનર અને સતત સ્ક્રોલ થતી ટેક્સ્ટ જેવી વસ્તુઓનો વધુ પડતો ઉપયોગ કરવામાં આવે છે. તેના કારણે લોકોને જરૂરી માહિતી શોધવામાં મુશ્કેલી પડે છે. રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું હતું કે, મોટાભાગના ભારતીય નાગરિકો ઈન્ટરનેટનો મોબાઈલ ફોન પર ઉપયોગ કરે છે, છતાં કેટલીક વેબસાઈટ્સ મોબાઈલ પર યોગ્ય રીતે કામ કરતી નથી.

તાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈલેક્ટ્રોનિક્સ અને IT મંત્રાલયને નાગરિકો માટે તૈયાર કરવામાં આવી રહેલા યુનિફાઈડ સર્વિસ ડિલિવરી પ્લેટફોર્મ એટલે કે 'એક ભારત' પોર્ટલના કામમાં ઝડપ લાવવાના નિર્દેશ આપ્યા હતા. આ પોર્ટલ શરૂ થયા બાદ લોકો માત્ર એક યુઝરનેમ અને પાસવર્ડ દ્વારા તમામ સરકારી વેબસાઈટ્સ અને સેવાઓનો ઉપયોગ કરી શકશે.

### આ મામલે આગામી સુનાવણી ૨૮ સપ્ટેમ્બરે થશે

# સુપ્રીમ કોર્ટે પેકેજ્ડ ફૂડમાં વધુ પડતી ખાંડ, મીઠું અને ફેટ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી

## આ બાળકોના આરોગ્યનો મુદ્દો છે, પેકેજ્ડ ફૂડ પર વૉર્નિંગ લેબલ લગાવવા સુપ્રીમ કોર્ટ આપશે ઐતિહાસિક આદેશ

નવી દિલ્હી, તા.૧૦

પેકેટમાં મળતા ખાદ્ય પદાર્થોમાં ખાંડ, મીઠું અને સેચ્યુરેટેડ ફેટના વધુ પડતા પ્રમાણને લઈને સુપ્રીમ કોર્ટે ભારે ચિંતા વ્યક્ત કરી છે અને આ મામલે કોર્ટ પોતે નિર્દેશો જારી કરશે. પેકેટની આગળના ભાગે સ્પષ્ટ ચેતવણી આપતું લેબલ (FoPL) લગાવવાની માગ કરતી અરજી પર સુનાવણી દરમિયાન અદાલતે જણાવ્યું કે લોકોનું, ખાસ કરીને વધતી ઉંમરના બાળકોનું સ્વાસ્થ્ય અત્યંત મહત્વનું છે.

આ વિષયને રાષ્ટ્રીય હિતનો મુદ્દો ગણાવીને કોર્ટે વિશ્વાસ વ્યક્ત કર્યો કે તમામ પક્ષકારો તેમાં સહયોગ આપશે. હવે આ મામલે આગામી સુનાવણી ૨૮ સપ્ટેમ્બરના રોજ હાથ ધરાશે.

જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ કે વિનોદ ચંદ્રનની બેંચે જણાવ્યું કે, કોર્ટે આ વિષય પર સંપૂર્ણ હોમવર્ક કરી લીધું છે અને ગુરુવારે ઔપચારિક આદેશ જારી કરવામાં આવશે. આ આદેશ શુક્રવારે સુપ્રીમ કોર્ટની વેબસાઈટ પર અપલોડ થવાની શક્યતા છે. બેંચે તમામ પક્ષકારોને આદેશનો વિગતવાર અભ્યાસ કરીને ૨૮ સપ્ટેમ્બરે આગામી સુનાવણીમાં હાજર રહેવા જણાવ્યું છે. કોર્ટે સ્પષ્ટ કહ્યું છે કે, વધતા બાળકોના સ્વાસ્થ્ય સાથે સીધો સંબંધ ધરાવતી આ બાબત અત્યંત ગંભીર છે.

અરજદારો તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ દેવદત્ત કામતે દલીલ કરી હતી કે, અલ્ટ્રા-પ્રોસેસ્ડ ફૂડને ઈંડા કે મીઠાવાળા કાજુ જેવા પૌષ્ટિક ખોરાકની સમકક્ષ ગણી શકાય નહીં. તેમણે આવા અલ્ટ્રા-પ્રોસેસ્ડ ખાદ્ય પદાર્થો પર વધુ કડક ચેતવણી આપવાની માગ કરી છે. તેમણે એવું સૂચન પણ કર્યું કે, ચેતવણી દર્શાવવા માટે લાલ રંગ સિવાય અન્ય કોઈ રંગનો પણ વિચાર કરી શકાય છે. અદાલતે આ તમામ સૂચનોની નોંધ લીધી છે.

ભારતીય ખાદ્ય સુરક્ષા અને માનક સત્તામંડળ (FSSAI) દ્વારા કોર્ટમાં રજૂ કરાયેલા સોગંદનામામાં પેકેટની આગળ ચેતવણી દર્શાવતા લેબલનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. આ નિયમ હેઠળ જે પ્રોડક્ટ્સમાં નિર્ધારિત મર્યાદા કરતાં વધુ પ્રમાણમાં ૨ કે તેથી વધુ નુકસાનકારક તત્વો હશે, તેના પર લાલ રંગનું ષટ્કોણ આકારનું ચેતવણી ચિહ્ન લગાવવામાં આવશે. આ ચેતવણીઓમાં વધુ પડતી ચરબી, વધુ પડતું મીઠું, વધુ પડતી ખાંડ અને વધુ પડતી મીઠાશવાળાં પીણાં જેવી ચેતવણીઓ સામેલ રાખવાની દરખાસ્ત છે.

FSSAIના જણાવ્યા અનુસાર, આ નવી વ્યવસ્થા ૨ તબક્કામાં અમલમાં મૂકવામાં આવશે. પ્રથમ તબક્કામાં એવા ઉત્પાદનોનો સમાવેશ થશે જેમાં ઉમેરેલી ચરબી, ખાંડ કે મીઠામાંથી ૨ કે તેથી વધુ તત્વો નિયત મર્યાદા કરતાં વધારે હોય.

બીજા તબક્કામાં કોઈ ૧ તત્વનું પ્રમાણ પણ જો નિર્ધારિત મર્યાદા કરતાં વધુ હશે તો તેવા ઉત્પાદનોને પણ આ નિયમ હેઠળ લાવી દેવાશે. જોકે ઘી, ખાદ્ય તેલ, સાદું મીઠું, ખાંડ, ગોળ અને મધ જેવી સિંગલ-ઈન્ગ્રીડિયન્ટ વસ્તુઓને આ નિયમમાંથી મુક્તિ આપવાની દરખાસ્ત છે. નિયમોમાં જરૂરી સુધારા-વધારા કર્યા બાદ નિર્ધારિત પ્રક્રિયા મુજબ આ સિસ્ટમ લાગુ કરવામાં આવશે.

### બેદરકારી બદલ થઈ શકે છે કાર્યવાહી

# ગણેશ મહોત્સવના આયોજકો માટે ગાઇડલાઇન જાહેર કરાઇ

## શ્રદ્ધાળુઓની સુરક્ષા માટે પંડાલના આયોજન, ઇમરજન્સી એક્ઝિટ, ઇલેક્ટ્રિક વાયરિંગ, અને ફાયર એક્સ્ટિંગ્યુશર સહિતની વ્યવસ્થા અંગે સૂચનાઓ અપાઇ

અમદાવાદ, તા.૧૦

અમદાવાદમાં આગામી ગણેશ મહોત્સવ દરમિયાન ગણેશ પંડાલોમાં દર્શન માટે આવતા શ્રદ્ધાળુઓની સુરક્ષા અને જાહેર સલામતીને ધ્યાનમાં રાખીને અમદાવાદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ દ્વારા ફાયર સેફ્ટીને લઈને ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. ફાયર વિભાગ અને પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓની સંયુક્ત બેઠક બાદ તૈયાર કરાયેલી આ ગાઈડલાઈનમાં ગણેશ મંડપ અને પંડાલના આયોજનથી લઈને ઈમરજન્સી એક્ઝિટ, ઈલેક્ટ્રિક વાયરિંગ અને ફાયર એક્સ્ટિંગ્યુશર સુધીની વ્યવસ્થા અંગે સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી છે. એક્સ્ટિંગ્યુશરનો ઉપયોગ કેવી રીતે કરવું તે જાણતા હોય તેવા ૨ વ્યક્તિને ૨૪ કલાક રાઉન્ડ ધ ક્લોક રાખવાના રહેશે. આમ, જો આ નિયમોનું પાલન નહીં થાય તો પોલીસ અને ફાયર વિભાગ સંયુક્ત રીતે નોટિસ આપીને મંડપ સીલ કરી બેદરકારી દાખવવાની કાર્યવાહી કરશે.

ગણેશ મંડપ, પંડાલ કે ટેમ્પરરી સ્ટ્રક્ચરનું સ્ટેજ બનાવતી વખતે સ્કૂલ, હોસ્પિટલ, જ્વલનશીલ પદાર્થોના ગોડાઉન, ભઠ્ઠી, ઈલેક્ટ્રિક સબ સ્ટેશન, ટ્રાન્સફોર્મર, હાઈ ટેન્શન લાઈન અને રેલવે લાઈનથી દૂર બાંધકામ કરવાનું રહેશે. ફાયરના વાહનો સરળતાથી આવી શકે તે માટે રસ્તા ખુલ્લા રાખવા અને અવરોધક વસ્તુઓ દૂર કરવાની રહેશે.

પંડાલની ક્ષમતા પ્રમાણે જ લોકોને પ્રવેશ આપવાનો રહેશે. દરેક વ્યક્તિદીઠ ઓછામાં ઓછી ૧ ચોરસ મીટર જગ્યા રહે તે મુજબ વ્યવસ્થા કરવાની રહેશે. સીટિંગ વ્યવસ્થામાં ૧૦ રો અને ૧૦ બેઠક બાદ ઓછામાં ઓછો ૧.૫ મીટર પહોળો પેસેજ રાખવાનો રહેશે. ગણેશ મંડપમાં ફિક્સ પાર્ટિશન કરવાની મનાઈ કરવામાં આવી છે. ઈમરજન્સીના સમયે લોકો સરળતાથી બહાર નીકળી શકે તે માટે રસ્તા ખુલ્લા રાખવાના રહેશે અને ઓછામાં ઓછા ૨ ઈમરજન્સી એક્ઝિટ રાખવાના રહેશે. બંને એકબીજાથી વિરુદ્ધ દિશામાં હોવા જોઈએ. બહાર નીકળવાનો ટ્રાવેલિંગ ડિસ્ટન્સ ૧૫ મીટરથી વધુ ન હોવો જોઈએ. મંડપની અંદર અને બહાર નો સ્મોકિંગ ઝોન, એક્ઝિટ અને ઈમરજન્સી એક્ઝિટના સરળતાથી વાંચી શકાય તેવા સાઈનબોર્ડ લગાવવાના રહેશે.

મંડપમાં ધાર્મિક હેતુથી હવન, હવનકુંડ, દીવા કે અગરબત્તીનો ઉપયોગ કરવામાં આવે ત્યારે પૂરતી ફાયર સેફ્ટીની સુવિધા રાખવાની રહેશે. આવી જગ્યાની છત માટે પણ જાહેરનામામાં નિર્ધારિત માપદંડ મુજબની CI/GI શીટની વ્યવસ્થા કરવાની રહેશે.મંડપમાં જનમેદનીને જરૂરી સૂચનાઓ આપવા માટે પબ્લિક એડ્રેસ સિસ્ટમ રાખવી ફરજિયાત છે. સ્ટ્રક્ચરની અંદર કોઈપણ પ્રકારના સ્ટોલ બનાવી શકાશે નહીં. સ્ટેજની નજીક કે નીચે આગ લાગી શકે તેવા ઘન કે પ્રવાહી પદાર્થનો સંગ્રહ પણ કરી શકાશે નહીં.આ ઉપરાંત પંડાલમાં કે પંડાલની બહાર ફાયર ક્રેકર્સ, રસોઈ બનાવવાની સામગ્રી, LPG ગેસ સિલિન્ડર, ધૂમ્રપાનના સાધનો કે આગ લાગી શકે તેવી કોઈપણ સામગ્રી અથવા જ્યોત રાખી શકાશે નહીં.

મંડપમાં કરવામાં આવતું ઈલેક્ટ્રિક વાયરિંગ અને શણગારનું કામ પ્રવર્તમાન વીજળી અધિનિયમ મુજબ કરાવવાનું રહેશે. તમામ ઈલેક્ટ્રિક વાયરિંગની ચકાસણી ગવર્મેન્ટ એપ્રુવ્ડ ઈલેક્ટ્રિકલ ઈજનેર પાસે કરાવવાની રહેશે. ઈલેક્ટ્રિક ઉપકરણોનું ઈન્સ્ટોલેશન IS-1646-1982 મુજબ કરવાનું રહેશે. વાયરિંગમાં ઁફઝ આવરણવાળા કંડક્ટર અથવા ટફ રબર વલ્કેનાઈઝેશન કરેલા વાયરનો ઉપયોગ કરવાની અને તમામ જોઈન્ટ પોર્સેલેઈન ઈન્સ્યુલેટેડ કનેક્ટર્સથી કરવાની સૂચના આપવામાં આવી છે. જો AC મંડપ, પંડાલ કે ટેમ્પરરી સ્ટ્રક્ચર બનાવવામાં આવે તો તેના પડદા અને કાર્પેટને ફાયર રિટાર્ડન્ટ પેઈન્ટ કરાવવાનો રહેશે. જમીન પર બિછાવવામાં આવતા કાર્પેટ પણ આગ અકસ્માતથી સુરક્ષિત રહે તે મુજબના રાખવાના રહેશે.

આયોજકોએ સમગ્ર ઉત્સવ દરમિયાન ફાયર એક્સ્ટિંગ્યુશરનો ઉપયોગ કરી શકે તેવા જાણકાર અને પ્રશિક્ષિત ૨ વ્યક્તિઓને રાઉન્ડ ધ ક્લોક રાખવાના રહેશે. આ ઉપરાંત પંડાલના વિસ્તાર પ્રમાણે જરૂરી ફાયર એક્સ્ટિંગ્યુશર અને અન્ય ફાયર સેફ્ટી સાધનો રાખવાના રહેશે. આવા સાધનોનો ઉપયોગ કરી શકે તેવા સક્ષમ ફાયર જાણકાર સ્ટાફની વિગતો પણ આપવાની રહેશે.

ફાયર વિભાગની સૂચનાઓ ઉપરાંત પોલીસ વિભાગ, ટ્રાફિક વિભાગ અને મ્યુનિસિપલ કોર્પોરેશનના અન્ય વિભાગો દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પણ પાલન કરવાનું રહેશે. સંબંધિત વિભાગ પાસેથી અલગથી જરૂરી ર્દ્ગઝ મેળવી લેવાની રહેશે.

આ ઉપરાંત આયોજકોએ ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ એક્ટ, નિયમો-રેગ્યુલેશન, નેશનલ બિલ્ડિંગ કોડ પાર્ટ-૪ અને IS-8758 મુજબની જોગવાઈઓ ઉપલબ્ધ કરાવવાનું સેલ્ફ ડિક્લેરેશન રજૂ કરવાનું રહેશે. આ સેલ્ફ ડિક્લેરેશન ૩૦૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર પર ફોટો નોટરી કરાવેલું હોવું જરૂરી છે. ત્યારબાદ ફાયર વિભાગ દ્વારા અલગથી સ્પેશિયલ આઈડેન્ટિફિકેશન આપવામાં આવશે.દરેક ગણેશ પંડાલના બહારના સાઈનેજ બોર્ડ પર આયોજકનું નામ, મોબાઈલ નંબર, ફાયરમેન અથવા ફાયર અંગે જાણકાર વ્યક્તિનું નામ અને મોબાઈલ નંબર દર્શાવવાના રહેશે. સાથે ફાયર, પોલીસ અને એમ્બ્યુલન્સના ઈમરજન્સી નંબર પણ દર્શાવવાના રહેશે.

### અમૃતા ફડણવીસનું મોટું નિવેદન

# હું કોઈ નેતાની પત્ની તરીકે નહીં, નાગરિક તરીકે બોલું છું

**અમૃતા ફડણવીસે કહ્યું હતું કે, તહેવારો સૌને સાથે રાખવા માટે હોય છે અને ધર્મના આધારે ભેદભાવ ન થવો જોઈએ**

મુંબઈ, તા.૧૦

મહારાષ્ટ્રમાં નવરાત્રિ મહોત્સવ શરૂ થાય તે પહેલાં જ ગરબા અને દાંડિયાના આયોજનોમાં મુસ્લિમોના પ્રવેશને લઈને વિવાદ વધુ વણસ્યો છે. વિશ્વ હિન્દુ પરિષદ (VHP) દ્વારા મુસ્લિમોને ગરબા-દાંડિયાના કાર્યક્રમોથી દૂર રાખવાની માગણી સામે રાજ્યના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના પત્ની અમૃતા ફડણવીસે ખુલ્લો વિરોધ દર્શાવ્યો છે. પોતાના આ નિવેદનને કારણે સોશિયલ મીડિયા પર ટ્રોલિંગનો સામનો કરી રહેલા અમૃતાએ વળતો જવાબ આપતાં કહ્યું છે કે, તેમને જાણીજોઈને 'પોલિટિકલ વાઈફ' ગણીને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. વીએચપીના વલણનો વિરોધ કરતાં અમૃતા ફડણવીસે જણાવ્યું કે, તહેવારો હંમેશાં દરેક વર્ગને સાથે લઈને ચાલવા માટે હોય છે અને ધર્મના આધારે કોઈપણ વ્યક્તિ સાથે ભેદભાવ થવો જોઈએ નહીં. રસપ્રદ વાત એ છે કે તેમનું આ નિવેદન એવા સમયે આવ્યું જ્યારે મહારાષ્ટ્ર સરકારના મંત્રીઓ ખુદ વીએચપીની માગણીનું સમર્થન કરી રહ્યા હતા. નિવેદન વાયરલ થયા બાદ તેમણે સ્પષ્ટતા કરી હતી કે, તેઓ કોઈપણ રાજકીય પદ કે ભૂમિકા હેઠળ નહીં, પરંતુ એક જાગૃત નાગરિક અને સામાજિક કાર્યકર્તા તરીકે આ વિચાર રજૂ કરી રહ્યાં છે, છતાં તેમને 'પોલિટિકલ વાઈફ' બનાવીને ટ્રોલ કરવામાં આવી રહ્યાં છે.

નવરાત્રિ પૂર્વે વીએચપી દ્વારા મહારાષ્ટ્રમાં ગરબા અને દાંડિયાના આયોજકો માટે કડક માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે. સંગઠને મુસ્લિમોને આ કાર્યક્રમોથી દૂર રાખવાની માગણી સાથે આયોજકોને દરેક પ્રવેશકર્તાની યોગ્ય ઓળખ ચકાસવા માટે જણાવ્યું છે. અહેવાલો અનુસાર, કેટલાક આયોજનોમાં પ્રવેશ મેળવનાર વ્યક્તિના ઓળખપત્રની ચકાસણી કરવા અને હિન્દુ શ્રદ્ધાળુઓના કપાળ પર તિલક લગાવવા જેવી વ્યવસ્થા અમલમાં મૂકવાની પણ અપીલ કરવામાં આવી છે.

વીએચપીનું માનવું છે કે, ગરબા એ માત્ર નાચ-ગાન કે મનોરંજનનું સાધન નથી, પરંતુ મા જગદંબાની આરાધના સાથે જોડાયેલો પવિત્ર ધાર્મિક ઉત્સવ છે. આવા આયોજનોમાં ઓળખ છુપાવીને અસામાજિક તત્વો પ્રવેશી ન જાય તે માટે આયોજકોએ સતર્ક રહેવું જરૂરી છે. બીજી તરફ, વીએચપીની આ કડક શરતો સામે વિપક્ષી પક્ષો અને કેટલાક સામાજિક સંગઠનોએ પ્રશ્નો ઉઠાવીને તેનો વિરોધ કર્યો છે.

આ વિવાદ ત્યારે વધુ ગરમાયો જ્યારે મહારાષ્ટ્રના ભાજપ નેતા નિતેશ રાણેએ વીએચપીના આ વલણનું ખુલ્લેઆમ સમર્થન કર્યું હતું. તેમણે ગરબામાં મુસ્લિમોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાની તરફેણ કરતાં લવ જેહાદનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ સાથે જ તેમણે કાર્યક્રમમાં પ્રવેશતા તમામ લોકોની ઓળખની કડક તપાસ કરવાની સિસ્ટમ લાગુ રાખવાની પણ ભલામણ કરી હતી.

### અમરેલીમાં સતત બીજા દિવસે વરસાદ

# દેવભૂમિ દ્વારકામાં ૮૦% ઘટ વચ્ચે ખંભાળિયામાં મેઘમહેર

**વરસાદની અછત વચ્ચે મેઘરાજા ફરી મહેરબાન થયા છે, ત્યારે ખેડૂતોમાં વરસાદની આશાઓ ઉજ્જ્વળ થઈ છે**

અમરેલી,તા.૧૦

કચ્છ-સૌરાષ્ટ્રમાં વરસાદની મોટી ઘટ વચ્ચે રાજ્યમાં છેલ્લા બે દિવસથી વરસાદી માહોલ ફરી સક્રિય થયો છે. વરસાદની સિસ્ટમને પગલે હવામાન વિભાગે આગામી ૧૨થી ૧૪ સપ્ટેમ્બર દરમિયાન સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાત સહિતના વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરી છે. તેવામાં ગુરુવારે (૧૦ સપ્ટેમ્બર) અમરેલી, દેવભૂમિ દ્વારકા સહિતના અમુક સ્થળોએ ધીમીધારે વરસાદ વરસ્યો છે.

અમરેલી જિલ્લાના વાતાવરણમાં પલટો આવતા સાવરકુંડલા, ધારી, ગીર સહિતના તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સાવરકુંડલાના મહુવા રોડ પંથકના વીજપડી અને ખડસલી ગામો સહિત આસપાસના ગામડામાં હળવા વરસાદી ઝાપટાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. જેમાં વીજપડી અને ખડસલીમાં સતત બીજા દિવસે વરસાદ થયો છે. વરસાદની અછત વચ્ચે મેઘરાજા ફરી મહેરબાન થયા છે, ત્યારે ખેડૂતોમાં વરસાદની આશાઓ ઉજ્જ્વળ થઈ છે. દેવભૂમિ દ્વારકામાં દુષ્કાળની પરિસ્થિતિ વચ્ચે રાહતના સમાચાર છે. જેમાં ખંભાળિયા નજીકના ગ્રામ્ય વિસ્તારોમાં મુશળધાર વરસાદ થતાં ધરતીપુત્રોમાં હરખ છવાયો છે. ખંભાળિયા - જામનગર માર્ગ પર આવેલા વાડીનાર, ભરાણા, કજૂરડા, નાના માંઢા, મોટા માંઢા, આંબલા, આરાધના ધામ વગેરે ગ્રામ્ય વિસ્તારોમાં ગુરુવારે બપોરે આશરે સવા વાગ્યે ધોધમાર વરસાદ શરૂ થયો હતો. જે આશરે એકાદ કલાક સુધી વરસતા અંદાજીત એક ઈંચથી વધુ વરસાદ થયો છે. સારો એવો વરસાદ થતાં રસ્તા પર પાણી ફરી વળ્યા હતા. જેથી આ વિસ્તારના લોકોએ આનંદ સાથે રાહતની લાગણી અનુભવી છે.ઉલ્લેખનીય છે કે, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હાલ ૮૦ ટકાથી વધુ વરસાદની ઘટ છે. ત્યારે ખંભાળિયાના અનેક ગામોમાં આજે વરસેલા ધોધમાર વરસાદથી હવે આગામી દિવસોમાં વધુ વરસાદની આશા બંધાઈ છે.

### તેલ વાપર્યા બાદ તબિયત લથડી, ૧૧૨માં કરાઈ ફરિયાદ

# સનફ્લાવર તેલના કારણે પરિવારના ૨ સભ્યોની તબિયત લથડી

**ફરિયાદ મળ્યા બાદ ગંગાજળિયા પોલીસે આરોગ્ય વિભાગને જાણ કરી હતી, જેના પગલે મનપા આરોગ્ય વિભાગની ટીમ સ્થળ પર પહોંચી હતી**

ભાવનગર,તા.૧૦

ભાવનગર શહેરમાં કથિત ભેળસેળયુક્ત સનફ્લાવર તેલને લઈને ખળભળાટ મચ્યો છે. સન પ્રાઈમ કંપનીના તેલના વપરાશ બાદ પરિવારના ૨ સભ્યોની તબિયત લથડી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ફરિયાદ મળ્યા બાદ ગંગાજળિયા પોલીસે આરોગ્ય વિભાગને જાણ કરી હતી, જેના પગલે મનપા આરોગ્ય વિભાગની ટીમ સ્થળ પર પહોંચી હતી.

અંજુમભાઈ શેખે સન પ્રાઈમ કંપનીનું તેલ ખરીદીને ખાદ્ય વપરાશમાં લીધા બાદ પરિવારના ૨ સભ્યોને આડઅસર થઈ હોવાનો આક્ષેપ કર્યો છે. તબિયત લથડતાં ૧૧૨ પર ફોન કરીને ફરિયાદ કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં ગંગાજળિયા પોલીસે આરોગ્ય વિભાગને જાણ કરી હતી.

મનપા આરોગ્ય વિભાગની ટીમે સ્થળ પર પહોંચી ફરિયાદવાળા તેલના નમૂના લીધા હતા. દરમિયાન તેલ વિક્રેતાની દુકાનમાં ખુલ્લા તેલમાંથી પેકિંગ કરવામાં આવતું હોવાના દ્રશ્યો સામે આવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત અલગ-અલગ કંપનીના સ્ટીકર અને સીલ મળી આવ્યા હોવાનો પણ આક્ષેપ છે. જો કે, આરોગ્ય વિભાગે માત્ર ફરિયાદ કરવામાં આવેલા તેલના ડબ્બામાંથી જ સેમ્પલ લીધા હોવાનું જાણવા મળ્યું છે.તેલમાં ખરેખર ભેળસેળ છે કે નહીં અને પરિવારના સભ્યોની તબિયત ખરાબ થવા પાછળ આ જ તેલ જવાબદાર છે કે કેમ, તેનો ખુલાસો લેબોરેટરી રિપોર્ટ બાદ થશે. હાલ આ અંગે કોઈ અંતિમ નિષ્કર્ષ પર પહોંચવું વહેલું છે.સન પ્રાઈમ કંપની સામે અગાઉ પણ ભેળસેળયુક્ત ખાદ્ય તેલના ૨ કેસ નોંધાયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ દાવાઓની સત્તાવાર તપાસ અને વર્તમાન ફરિયાદના લેબ રિપોર્ટ બાદ જ સમગ્ર હકીકત સ્પષ્ટ થશે. આ સાથે મોટો સવાલ એ પણ છે કે કાર્યવાહી બાદ માત્ર દંડ વસૂલવામાં આવે છે કે લાઈસન્સ રદ કરવામાં આવે છે? લાઈસન્સ રદ થયા બાદ પરિવારના અન્ય સભ્યના નામે ફરી લાઈસન્સ મેળવી ધંધો શરૂ કરાતો હોવાના ગંભીર આક્ષેપોની પણ તપાસ જરૂરી બની છે.ફરિયાદવાળા ડબ્બા સિવાય દુકાનમાં ઉપલબ્ધ અન્ય તેલના સેમ્પલ કેમ લેવામાં આવ્યા નહીં? જો ખુલ્લા તેલમાંથી પેકિંગ થતું હોવાનો દાવો છે, તો તે તેલના પણ નમૂના લેવાયા કે નહીં તે સવાલ હવે ચર્ચામાં છે. હવે લેબ રિપોર્ટ અને આરોગ્ય વિભાગની આગળની કાર્યવાહી બાદ જ તેલમાં ભેળસેળ હતી કે નહીં અને નિયમોનો ભંગ થયો હતો કે નહીં તેની હકીકત સામે આવશે.

### એરપોર્ટ પર અફરાતફરીનો માહોલ

# ફરી એક ફ્લાઈટનું અમદાવાદમાં ઈમરજન્સી લેન્ડિંગ કરાવાયું

**લખનૌ-દમામ ઈન્ડિગો ફ્લાઈટનું બોમ્બની ધમકીને કારણે અમદાવાદ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરાયું**

અમદાવાદ, તા.૧૦

અમદાવાદ એરપોર્ટ પર હાલ ફરી એકવાર એક પેસેન્જર ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ કરવાની ફરજ પડતા એરપોર્ટ પર અફરા તફરીનો માહોલ સર્જાયો છે. મળતી વિગતો અનુસાર, લખનૌથી દમામ જઈ રહેલી ઈન્ડિગોની ફ્લાઈટમાં બોમ્બ હોવાની અફવાને પગલે અમદાવાદ એરપોર્ટ પર ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું છે. ફ્લાઈટમાં બોમ્બ હોવા અંગે ટિસ્યુ પેપર પર લખાણ મળી આવ્યા બાદ સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ હતી.

મળતી માહિતી મુજબ, ઈન્ડિગોની ફ્લાઈટ નંબર 6E97એ આજે બપોરે ૪ વાગ્યેને ૧૭ મિનિટે દમામ જવા માટે લખનૌવ એરપોર્ટથી ઉડાન ફરી હતી, ફ્લાઈટ જ્યારે હવામાં ઉડી રહી હતી તે દરમિયાન અધવચ્ચે ફ્લાઈટમાં બોમ્બ અંગેનું લખાણ મળી આવ્યું હતું. જે બાબતની પાયલટને જાણ કરવામાં આવતા પાટલટે પોતાની સુધબુઝ અને સતર્કતાથી ફ્લાઈટને અમદાવાદ એરપોર્ટ તરફ ડાયવર્ટ કરી દીધી હતી. જ્યાં સાંજે ૫:૪૩ વાગ્યે અમદાવાદ એરપોર્ટ પર ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું.

અમદાવાદ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવા માટે ફરજ પડેલી ઈન્ડિગોની આ ફ્લાઈટ નંબર ૬ઈ૯૭માં લખનૌથી સાઉદી અરેબિયાના દમામ જવા નિકળેયા ૬ ક્રૂ મેમ્બર અને ૧૦૭ પેસેન્જર સહિત કૂલ ૧૧૩ લોકો સવાર હતા. અમદાવાદ એરપોર્ટ પર લેન્ડિંગ બાદ તમામને સુરક્ષિત રીતે ફ્લાઈટમાંથી નીચે ઉતારવામાં આવ્યા હતા. જેના કારણે એરપોર્ટ પર અફરા તફરીનો માહોલ સર્જાયો હતો.

બોમ્બની ધમકી બાદ ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ થયાની માહિતી મળતાં જ અમદાવાદ એરપોર્ટની સુરક્ષા એજન્સીઓ, ફાયર બ્રિગેડની ટીમ, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ સહિતની વિવિધ એજન્સીઓ ઘટનાસ્થળે પહોંચી હતી અને તમામ મુસાફરો સહિત ક્રૂ મેમ્બર્સને પ્લેનમાંથી નીચે ઉતારી સુરક્ષિત રીતે એરપોર્ટ ટર્મિનલ-૨ ખાતે રાખવામાં આવ્યા હતા. સાથે જ SOG, લોકલ પોલીસ અને CISF સહિત પ્લેનમાં સઘન તપાસ હાથ ધરાઈ હતી, જોકે હાલ સુધીની તપાસમાં ફ્લાઈટમાંથી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નથી.હાલ ફ્લાઈટમાંથી ઉતારેલા તમામ લોકોની સઘન તપાસ હાથ ધરવામાં આવી રહી છે. ફ્લાઈટના તમામ મુસાફરોની હેન્ડ રાઈટિંગના સેમ્પલ લીધા છે અને ફ્લાઈટમાં મળેલી ટિસ્યુ પેપર પરના ધમકીભર્યા હસ્તાક્ષર સાથે મેચ કરવાની કાર્યવાહી હાથ ધરી છે. હવે સુરક્ષા એજન્સીઓ દ્વારા ફ્લાઈટની તપાસ અને સમગ્ર ઘટનાની ચકાસણી બાદ જ વધુ વિગતો સામે આવશે.

### અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો

# અમેરિકાની ચૂંટણી બાદ ૨ ડોલર પ્રતિ ગેલનથી પણ સસ્તુ થશે ક્રૂડ ઓઈલ

**ટ્રમ્પના આ નિવેદનોથી વૈશ્વિક ઊર્જા બજાર અને આંતરરાષ્ટ્રીય રાજકારણમાં નવી ચર્ચાઓ શરૂ થઈ**

વોશિંગ્ટન, તા.૧૦

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે અમેરિકી ચૂંટણીઓ બાદ વૈશ્વિક સ્તરે ઓઈલના ભાવમાં મોટો ઘટાડો થશે. તેમણે હતું કે 'ઈંધણના ભાવ પ્રતિ ગેલન ૨ ડૉલરથી નીચે લાવવાનો પ્રયાસ કરશે.' નોંધનીય છે કે, મીડિલ ઈસ્ટમાં ઈરાન સાથે વધી રહેલા તણાવ અને હોર્મુઝ સ્ટ્રેટ સુરક્ષા સામે ઊભા થયેલા પડકારો વચ્ચે તેમણે આ મહત્વપૂર્ણ નિવેદન આપ્યું હતું.હોર્મુઝ સ્ટ્રેટમાં વેપારી જહાજો પર થઈ રહેલા હુમલાઓ અંગે પત્રકારો સાથેની વાતચીતમાં ડોનાલ્ડ ટ્રમ્પે સ્પષ્ટતા કરી હતી કે, 'જો ઈરાન કે તેના સમર્થિત જૂથો દ્વારા આવી ઉશ્કેરણીજનક પ્રવૃત્તિઓ ચાલુ રહેશે, તો અમેરિકા તરફથી લશ્કરી જવાબ આપવામાં આવી શકે છે. શાંતિ અને દરિયાઈ પુરવઠો સુનિશ્ચિત કરવા માટે યુએસ લશ્કરી કાર્યવાહીનો વિકલ્પ ખુલ્લો રહેશે.'ઈરાન સાથેના રાજદ્વારી સંબંધો અંગે વાત કરતા ટ્રમ્પે જણાવ્યું હતું કે, 'હું હાલના તબક્કે માત્ર પરમાણુ મુદ્દા પૂરતી વાટાઘાટો કરવા માગતા નથી, પરંતુ તેમાં પ્રદેશની એકંદર સુરક્ષા સહિતના અન્ય તમામ વિવાદિત મુદ્દાઓનો સમાવેશ થવો જોઈએ. વ્યાપક કરાર વિના માત્ર એકતરફી વાટાઘાટોનો કોઈ અર્થ નથી.'બીજી તરફ, રશિયા-યુક્રેન યુદ્ધ અંગે પોતાના વિચારો વ્યક્ત કરતા ટ્રમ્પે જણાવ્યું હતું કે 'બંને દેશો હવે સતત ચાલી રહેલા સંઘર્ષથી કંટાળી ગયા છે. જો યોગ્ય રાજદ્વારી પહેલ કરવામાં આવે, તો આ યુદ્ધ પણ ટૂંક સમયમાં ઉકેલાઈ શકે છે.'ટ્રમ્પના આ નિવેદનોથી વૈશ્વિક ઊર્જા બજાર અને આંતરરાષ્ટ્રીય રાજકારણમાં નવી ચર્ચાઓ શરૂ થઈ છે. ખાસ કરીને ઓઈલના ભાવ ઘટાડવાના તેમના દાવે અને મીડિલ ઈસ્ટમાં સખત વલણના સંકેતે આંતરરાષ્ટ્રીય સ્તરે સૌનું ધ્યાન ખેંચ્યું છે.

### દેશના તમામ મોટા કાર્યક્રમો ગુજરાતમાં જ કેમ?

# નેશનલ ફિલ્મ એવોર્ડ્સ મામલે રાજ ઠાકરેએ ઉઠાવ્યા સવાલો

**નેશનલ ફિલ્મ એવોર્ડ્સ સમારોહ ૭૨ વર્ષમાં પહેલીવાર દિલ્હીથી ગુજરાતના કેવડિયા ખસેડાતા ઠાકરે ભડક્યા**

મુંબઈ, તા.૧૦

નેશનલ ફિલ્મ એવોર્ડ્સ સમારોહને ૭૨ વર્ષમાં પહેલીવાર દેશની રાજધાની દિલ્હીથી ગુજરાતના કેવડિયા ખસેડવામાં આવતા મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS)ના વડા રાજ ઠાકરેએ કેન્દ્ર સરકાર સામે આકરા પ્રહારો કર્યા છે. આ નિર્ણય સામે તીવ્ર નારાજગી વ્યક્ત કરતાં તેમણે આક્ષેપ કર્યો છે કે દેશની આર્થિક રાજધાની મુંબઈના મહત્વને ઘટાડવાના પ્રયાસો તો લાંબા સમયથી ચાલી જ રહ્યા છે, પરંતુ હવે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીનું મહત્વ પણ ધીમે ધીમે ઓછું કરવાની કોશિશ શરૂ થઈ ગઈ છે. કેન્દ્રની ભાજપ સરકાર પર નિશાન સાધતા તેમણે કહ્યું કે જ્યારે તમે જાતે કશું નવું સર્જન નથી કરી શકતા, ત્યારે જૂની પરંપરાઓ, નામો અને સ્થળો બદલીને એક ભ્રામક ઈતિહાસ રચવાનો પ્રયાસ કરો છો.

રાજ ઠાકરેએ પોતાની પોસ્ટમાં લખ્યું છે કે, 'નેશનલ ફિલ્મ એવોર્ડ્સના ૭૨ વર્ષના ઈતિહાસમાં પહેલીવાર આ સમારોહ રાષ્ટ્રીય રાજધાની દિલ્હીથી ગુજરાતના કેવડિયા ખાતે ખસેડવામાં આવી રહ્યો છે. દેશની આર્થિક રાજધાની મુંબઈનું કદ નાનું કરવાના સંગઠિત પ્રયાસો તો ચાલી જ રહ્યા છે, હવે રાષ્ટ્રીય રાજધાનીનું મહત્વ પણ ઘટાડવાનું શરૂ થયું છે. આ એવોર્ડ સમારોહને ખસેડવા પાછળનું અસલ કારણ શું છે? એવું લાગે છે કે, પોતાના દમ પર કશું નવું બનાવી ન શકવાના કારણે, નામ અને સ્થળો બદલીને ભ્રામક ઈતિહાસ ઊભો કરવાની આ વ્યૂહરચના છે. કદાચ કેન્દ્રમાં સત્તા પર બેઠેલા બે નેતાઓને એવો અહેસાસ થઈ ગયો છે કે તેમનો પ્રભાવ ભવિષ્યમાં માત્ર ગુજરાત પૂરતો જ સીમિત રહી જશે, એટલે જ તેઓ ત્યાં કોઈક રીતે ભવ્યતા અને મહત્વ સ્થાપિત કરવા માટે મક્કમ બન્યા છે.'

મનસે પ્રમુખે સવાલ ઉઠાવતા આગળ જણાવ્યું છે કે, 'જો સમારોહનું સ્થળ બદલવું જ હતું, તો પછી તેને મુંબઈ કેમ ન લઈ જવાયો? જ્યાં દાદાસાહેબ ફાળકેએ ભારતીય સિનેમાનો પાયો નાખ્યો હતો તે રાજ્યમાં આ પુરસ્કાર વિતરણ કેમ ન થઈ રહ્યું? મહારાષ્ટ્રમાં અથવા તમિલનાડુ, કેરળ, આંધ્રપ્રદેશ કે તેલંગાણા જેવા દક્ષિણ ભારતના રાજ્યોમાં કેમ નહીં, જ્યાં સૌથી વધુ ફિલ્મોનું નિર્માણ થાય છે? દક્ષિણના રાજ્યોના રાજકારણને ઘડવામાં સિનેમાએ હંમેશાં મહત્વની ભૂમિકા ભજવી છે. તો પછી ખાસ ગુજરાત જ શા માટે પસંદ કરવામાં આવ્યું?'

કેન્દ્રના નેતૃત્વ સામે પ્રહારો ચાલુ રાખતાં તેમણે વધુમાં ઉમેર્યું છે કે, 'ભૂતકાળના કોઈપણ વડાપ્રધાને પોતાના જન્મસ્થળ કે કર્મભૂમિ ધરાવતા રાજ્યોનું કદ કૃત્રિમ રીતે વધારવાનો પ્રયાસ ક્યારેય કર્યો નહોતો. આપણે જોઈ રહ્યા છીએ કે કોમનવેલ્થ ગેમ્સ ગુજરાતમાં યોજાય છે, વર્ષ ૨૦૨૩નો ક્રિકેટ વર્લ્ડ કપ ફાઈનલ ગુજરાતમાં રમાડાય છે, વિદેશથી આવતા રાષ્ટ્રાધ્યક્ષોને ગુજરાત લઈ જવાય છે અને ગિફ્ટ સિટી પ્રોજેક્ટને મુંબઈથી ગુજરાત ટ્રાન્સફર કરી દેવામાં આવે છે. નરેન્દ્ર મોદી અને અમિત શાહ આ બધું કરીને આખરે શું મેસેજ આપવા માગે છે? શું તેઓ એવું સાબિત કરવા માગે છે કે આ દેશનો પાયો માત્ર ગુજરાતમાં જ નંખાયો હતો? આજનો ભારત દેશ અસંખ્ય પેઢીઓના બલિદાન અને દેશના દરેક પ્રદેશના યોગદાનનું પરિણામ છે. આ લોકોને ગુજરાત સિવાયના દેશના અન્ય પ્રદેશોની યાદ માત્ર સ્થાનિક ચૂંટણીઓ વખતે જ આવે છે, જ્યારે તેઓ ત્યાં જઈ સ્થાનિક પહેરવેશ ધારણ કરે છે, ભાષણો આપે છે અને રાજ્યો સાથે જૂનો સંબંધ હોવાનો દાવો કરીને મતો મેળવે છે.'

### તાળાબંધી કરી શિક્ષણ કાર્ય અટકાવ્યું!

# ગોધરાના વટલાવમાં શાળા મર્જર અને શિક્ષકોની બદલીના વિરોધમાં ગ્રામજનોનો આક્રોશ

**મર્જરનો નિર્ણય રદ થયો હોવા છતાં, શાળામાં બાળકોની નિયમિત હાજરી પૂરવામાં આવતી નહોતી**

ગોધરા, તા.૧૦

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં આવેલી વટલાવ પ્રાથમિક શાળા ખાતે શિક્ષણ વિભાગની કામગીરી સામે ગ્રામજનોનો ભારે રોષ જોવા મળ્યો છે. શાળા મર્જરનો ઓર્ડર પરત ખેંચાયા બાદ પણ હાજરી મુદ્દે ધાંધિયા અને શિક્ષકોની બદલી કરી દેવાતાં નારાજ ગામલોકોએ શાળાનું શિક્ષણ કાર્ય અટકાવી દેતાં ચકચાર મચી ગઈ છે.મળતી વિગતો અનુસાર, થોડા દિવસો અગાઉ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા વટલાવ ગામના 'સખીદાસની મુવાડી' ફળિયાની શાળાને ગામની મુખ્ય શાળામાં મર્જ કરવાનો ઓર્ડર કરવામાં આવ્યો હતો. આ નિર્ણય સામે ગ્રામજનોએ સખત વિરોધ નોંધાવી સ્થાનિક ધારાસભ્યને રજૂઆત કરી હતી.

ધારાસભ્યની મધ્યસ્થતા અને દરમિયાનગીરી બાદ શાળા મર્જ કરવાનો નિર્ણય પરત ખેંચવામાં આવ્યો હતો.મર્જરનો નિર્ણય રદ થયો હોવા છતાં, શાળામાં બાળકોની નિયમિત હાજરી પૂરવામાં આવતી નહોતી અને તેમની હાજરી મુખ્ય શાળામાં જ ગણવામાં આવતી હોવાનો ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે. આટલું ઓછું હોય તેમ, તંત્રે સખીદાસની મુવાડી શાળાના શિક્ષકોની અન્યત્ર બદલી કરી દેતાં ગ્રામજનોનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો હતો.જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મનસ્વી રીતે નિર્ણયો લઈને બાળકોનું ભવિષ્ય બરબાદ કરી રહ્યા હોવાના ગંભીર આરોપો સાથે ગ્રામજનોએ વટલાવ મુખ્ય શાળા ખાતે પહોંચીને શિક્ષણ કાર્ય રોકાવી દીધું હતું. ગામલોકોએ માંગ કરી છે કે જ્યાં સુધી શાળાનો પ્રશ્ન ઉકેલાશે નહીં અને શિક્ષકોની પુનઃ નિયુક્તિ નહીં થાય ત્યાં સુધી વિરોધ યથાવત રહેશે.

### EOU સામે સંજીવ મુખિયાએ ગુનો સ્વીકાર્યો

# 'હાં મે જ NEET અને TRE-3 ના પેપર લીક કર્યા'

**જુલાઈ ૨૦૨૬ માં CBIની તપાસમાં સંજીવને NEET-UG ૨૦૨૪ પેપર લીક મામલે મોટી રાહત અને ક્લીન ચિટ મળી હતી**

નવી દિલ્હી, તા.૧૦

પેપર લીક માફિયા તરીકે કુખ્યાત અને અનેક વિવાદાસ્પદ ભરતી પરીક્ષાઓના કૌભાંડમાં ઘેરાયેલા સંજીવ મુખિયાને લઈને એક મોટો ખુલાસો સામે આવ્યો છે. આર્થિક અપરાધ એકમ (EOU) દ્વારા કરવામાં આવેલી કડક પૂછપરછ દરમિયાન સંજીવ મુખિયાએ કથિત રીતે NEET અને TRE-3 સહિત અનેક પરીક્ષાઓના પેપર લીક મામલે પોતાની સંડોવણી કબૂલી લીધી છે. પૂછપરછ દરમિયાન તેણે પેપર લીકનું આખું નેટવર્ક અને તેમાં પોતાની ભૂમિકાને લઈને ઘણા મહત્ત્વપૂર્ણ ખુલાસા કર્યા છે. જેના આધારે હવે તપાસ એજન્સી નેટવર્કની કડીઓ જોડવામાં સક્રિય બની છે.પટનામાં EOU ની તપાસ દરમિયાન સંજીવ મુખિયાએ પોતાના ગુનાની કબૂલાત કરતા અનેક ચર્ચિત ભરતી પરીક્ષાઓના પેપર લીક કેસમાં પોતાની ભૂમિકા સ્વીકારી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સંજીવ મુખિયાએ 2017 ના NEET પેપર લીક, 2023 ની CSBC સિપાહી ભરતી પરીક્ષા પેપર લીક અને BPSC શિક્ષક બહાલી TRE-3 પેપર લીક મામલે પોતાની સંડોવણી સ્વીકારી છે. EOU આ પૂછપરછ દ્વારા એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે આ પેપર લીકનું પ્લાનિંગ કેવી રીતે કરવામાં આવતું હતું, તેમાં કોણ-કોણ સામેલ હતું અને ઉમેદવારો સુધી પ્રશ્નપત્રો કેવી રીતે પહોંચાડવામાં આવતા હતા.સંજીવ મુખિયા મૂળ બિહારના નાલંદા જિલ્લાના નગરસૌનાનો રહેવાસી છે. તે નાલંદા કોલેજની નૂરસરાય બ્રાન્ચમાં ટેકનિકલ સહાયક તરીકે કામ કરતો હતો અને લાંબા સમયથી તેના પર સ્પર્ધાત્મક પરીક્ષાઓના પેપર લીક કરવા તથા સોલ્વર ગેંગ ચલાવવાનો આરોપ છે. NEET-UG 2024 પેપર લીક કેસમાં પણ તેનું નામ સામે આવ્યા બાદ તે આશરે 11 મહિના સુધી પોલીસ પકડથી દૂર રહ્યો હતો. અંતે, 24-25 મે 2025 ની મધ્યરાત્રીએ તેને પટનાના સગુના મોડ નજીકથી એક એપાર્ટમેન્ટમાંથી ધરપકડ કરવામાં આવી હતી.સંજીવ મુખિયા પર અનેક પરીક્ષાઓના પેપર લીકનો આરોપ છે, પરંતુ જુલાઈ 2026 માં CBI ની તપાસમાં તેને NEET-UG 2024 પેપર લીક મામલે મોટી રાહત અને ક્લીન ચિટ મળી હતી. CBI ના જણાવ્યા મુજબ, એવું કોઈ સબૂત મળ્યું નથી કે તેણે પ્રશ્નપત્ર ચોરી કરાવ્યું હોય કે લીક કર્યું હોય. તપાસ એજન્સીના અનુસાર આ કાવત્રાનું કેન્દ્ર ઝારખંડનું હજારીબાગ સ્થિત ઓસિસ સ્કૂલ હતું અને સુપ્રીમ કોર્ટ તેમજ CBI ની ચાર્જશીટમાં પણ આ કેસમાં તેનું નામ સામેલ નહોતું.

### કિંજલે તેના પતિ સાથે કોર્ટ સમક્ષ વીડિયો કોન્ફરન્સથી હાજર રહી કેફિયત વર્ણવી

# કોઈએ મારું અપહરણ કર્યું નથી, હું મારી મરજીથી પતિ સાથે રહું છું : કિંજલ રબારી

**કિંજલ રબારી અને તેના પતિને જીવનું જોખમ હોઈ પોલીસ સુરક્ષા પૂરી પાડવા હાઈકોર્ટનો આદેશ**

અમદાવાદ, તા.૧૦

જાણીતા ગાયક કિંજલ રબારી અને તેના પતિને હાઈકોર્ટમાંથી મોટી રાહત મળી છે. કિંજલના અપહરણની ચકચારી ઘટના બાદ ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાઈ હતી. આ મામલે ધરપકડથી બચવા તેમણે હાઈકોર્ટમાં ધા નાખી હતી. આ કેસની સુનાવણીમાં કિંજલ અને તેના પતિ વીડિયો કોન્ફરન્સિંગથી હાઈકોર્ટ સમક્ષ ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ કિંજલે કોર્ટ સમક્ષ એવી કેફિયત જણાવી હતી કે કોઈએ પણ મારું અપહરણ કર્યું નથી અને હું મારી મરજીથી મારા પતિ સાથે રહું છું. જસ્ટિસ એમ. કે. ઠક્કરે આદેશમાં નોંધ્યું હતું કે, કિંજલ અને તેના પતિ કોર્ટ સમક્ષ ઓનલાઈન વીડિયો કોન્ફરન્સ મારફતે હાજર રહ્યા હતા અને કોર્ટને જણાવ્યું હતું કે કોઈ વ્યક્તિએ તેનું અપહરણ કર્યું નહોતું અને તે સ્વેચ્છાએ તેના પતિ સાથે ગઈ છે. જોકે, તેનું કુટુંબ આ રિલેશનશીપથી નારાજ છે. તેમના પરિવારે માત્ર તેમને હેરાન કરવાના આશયથી આ પોલીસ ફરિયાદ નોંધાવી છે. એટલું જ નહીં, તેમને તેમના કુટુંબથી જીવનું જોખમ પણ હોવાનું કહેવામાં આવ્યું છે. હાઈકોર્ટે વધુમાં નોંધ્યું હતું કે, હાલના સંજોગોમાં તેમને કુટુંબના સભ્યોથી જીવનું જોખમ હોઈ તેમને પોલીસ સંરક્ષણની જરૂર જણાય છે. અગાઉ પણ હેબિયસ કોર્પસ અરજી થઈ હતી અને એમાં જ્યારે કિંજલને કોર્ટ સમક્ષ હાજર રાખવામાં આવી ત્યારે કુટુંબના દબાણ વચ્ચે તેણે હાલના અરજદાર (પતિ) સાથે જવાનો ઈનકાર કરી દીધો હતો. તે હાલ ૨૪ વર્ષની પુખ્ત છે અને સ્વેચ્છાએ પતિ સાથે જ રહેવા ઈચ્છે છે. આ બેકગ્રાઉન્ડને ધ્યાનમાં લેતાં હાલની પોલીસ ફરિયાદ કાયદાના દુરુપયોગ સિવાય બીજું કશું જ જણાતું નથી. આ કોર્ટે બંને અરજદારો સાથે વાત કરી છે અને કિંજલે કોર્ટને જણાવ્યું છે કે તેના પર કોઈ જાતનું દબાણ નથી અને એ સ્વેચ્છાએ પતિ સાથે જ રહેવા ઈચ્છે છે. આ સંજોગોમાં અરજદારોને જીવનું જોખમ હોવાની રજૂઆત કરવામાં આવી છે, ત્યારે એ બંનેને પૂરતી પોલીસ સલામતી આપવા પોલીસ કમિશનરને આદેશ કરવામાં આવે છે. આ આદેશ લખાવ્યા બાદ પણ હાઈકોર્ટના જસ્ટિસ ઠક્કરે સરકારી વકીલને મૌખિક સૂચના આપી હતી કે દંપતીને કંઈ પણ થવું જોઈએ નહીં અને અત્યારથી જ બંનેને પૂરતી સુરક્ષા મળવી જોઈએ.

### ડાઇન ફેસિલિટી એરિયામાં વિદેશી દારૂનું વેચાણ મોટું થયું છે

# ગિફ્ટ સિટીમાં દારૂ વેચાણમાં એક વર્ષમાં સીધો ૧૫ ગણો વધારો


**બે વર્ષમાં ૬૦,૦૦૦ લિટરથી વધુ વિદેશી દારૂનો વપરાશ થયો હોવાથી સરકારને પણ આ બાબતે લાખોની કમાણી થઈ**

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટીમાં વાઈન એન્ડ ડાઈન સુવિધા હેઠળ દારૂના વપરાશના આંકડાઓએ સૌને ચોંકાવી દીધા છે. હાલમાં ચાલી રહેલા ગુજરાત વિધાનસભાના ચોમાસું સત્રમાં પૂછાયેલા એક પ્રશ્નના જવાબમાં રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, ગત બે વર્ષમાં ગિફ્ટ સિટીમાં વિદેશી દારૂના વેચાણમાં જંગી ઉછાળો જોવા મળ્યો છે. બે વર્ષમાં ૬૦,૦૦૦ લિટરથી વધુ વિદેશી દારૂનો વપરાશ થયો હોવાથી સરકારને પણ આ બાબતે લાખોની કમાણી થઈ હાવોની વિગતો વિધાનસભમાં સામે આવી છે. વિગતે વાત કરીએ તો, અમદાવાદ જમાલપુર-ખાડિયા વિધાનસભા બેઠકના ધારાસભ્ય ઈમરાન યુસુફભાઈ ખેડાવાલાએ હાલમાં ચાલી રહેલી ગુજરાત વિધાનસભાના ત્રિ-દિવસીય ચોમાસુ સત્રના બીજા દિવસે ગૃહમાં પ્રશ્ન પૂછ્યો હતો કે, ગાંધીનગર ગિફ્ટ સિટીમાં કેટલા પ્રમાણમાં દારૂનું વેચાણ થયું છે, જેનો લેખિત જવાબ આપતા નાયબ મુખ્યમંત્રી ગૃહ વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ૩૧ જુલાઈ ૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં થયેલા વેચાણે જૂના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. કેમકે ગિફ્ટ સિટીના વાઈન એન્ડ ડાઈન ફેસિલિટી એરિયામાં વિદેશી દારૂનું વેચાણ મોટું થયું છે.ઈમરાન ખેડાવાલાએ પુછેલા પ્રશ્નના જવાબમાં DyCM હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૪-૨૫ એટલે કે ૧ ઓગસ્ટ ૨૦૨૪થી ૩૧ જુલાઈ ૨૦૨૫ના ગાળામાં કુલ ૩,૭૧૬.૨૮ લિટર વિદેશી દારૂ વેચાયો હતો. જ્યારે વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત ૧ ઓગસ્ટ ૨૦૨૫ થી ૩૧ જુલાઈ ૨૦૨૬ દરમિયાન આ વેચાણ આશ્ચર્યજનક રીતે વધીને ૫૬,૬૩૮.૧૯ લિટર સુધી પહોંચી ગયું હતું આમ, કુલ બે વર્ષના સમયગાળામાં ગિફ્ટ સિટીમાં કુલ ૬૦,૩૫૪.૪૭ લિટર વિદેશી દારૂનું વેચાણ નોંધાયું છે.

આ આંકડા સ્પષ્ટપણે દર્શાવે છે કે પ્રથમ વર્ષની સરખામણીએ બીજા વર્ષમાં દારૂના વપરાશમાં અધધ ૧૫ ગણો વધારો થયો છે. જેમાં દારૂના આ મસમોટા વેચાણથી રાજ્યની તિજોરીમાં પણ મોટું ફંડ જમા થયું છે. આ બે વર્ષના ગાળામાં ગિફ્ટ સિટીમાં થયેલા દારૂના વેચાણ થકી ગુજરાત સરકારને કુલ ૮૭,૩૬,૧૮૪/- (સિત્યાસી લાખ છત્રીસ હજાર એકસો ચોર્યાસી)ની માતબર આવક પ્રાપ્ત થઈ છે. નોંધનીય છે કે, ગાંધીનગર ગિફ્ટ સિટીને વૈશ્વિક આર્થિક કેન્દ્ર તરીકે વિકસાવવા માટે અને આંતરરાષ્ટ્રીય રોકાણકારોને આકર્ષવા માટે રાજ્ય સરકારે અહીં દારૂબંધીના કાયદામાં વિશેષ છૂટછાટ આપી હતી. આ સુવિધા હેઠળ અધિકૃત એકમોમાં દારૂ પીવાની મંજૂરી આપવામાં આવી છે. વેચાણમાં થયેલો આ વધારો સૂચવે છે કે ગિફ્ટ સિટીમાં વ્યવસાયિક પ્રવૃત્તિઓ અને ત્યાં આવનારા લોકોની સંખ્યામાં મોટો વધારો થયો છે.

# અમરેલીનાં વિદ્યાસભા કેમ્પસ ખાતે "નંદોત્સવ" ની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી



અમરેલી સ્થિત વિદ્યાસભા કેમ્પસ ખાતે ભગવાન શ્રીકૃષ્ણનાં જન્મોત્સવની ભાવનાને ઉજાગર કરતો નંદોત્સવ–૨૦૨૬ હર્ષોલ્લાસ અને સાંસ્કૃતિક માહોલ વચ્ચે ઉજવવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓમાં શિસ્ત, સંસ્કાર તથા ભારતીય સંસ્કૃતિ પ્રત્યે ગૌરવની ભાવનાં વિકસે અને આપણી સાંસ્કૃતિક પરંપરાની ધરોહર નવી પેઢી સુધી પહોંચે તેવા ઉમદા હેતુ સાથે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનાં પ્રારંભે કેમ્પસ ડાયરેકટર પેથાણી સર દ્વારા ઉદબોધન કરવામાં આવ્યું હતું. તેમણે ઉપસ્થિત તમામ મહેમાનો, વાલીઓ, વિદ્યાર્થીઓ તથા સમગ્ર સ્ટાફનું હાર્દિક સ્વાગત કર્યુ હતું. પોતાના ઉદબોધનમાં તેમણે જણાવ્યું હતું કે, ભગવાન શ્રીકૃષ્ણનું જીવન વિદ્યાર્થીઓ માટે પ્રેરણાનું ઉત્તમ સ્ત્રોત છે. શ્રીકૃષ્ણનાં જીવનમાંથી વિદ્યાર્થીઓએ હિંમત, આત્મવિશ્વાસ, કર્તવ્યનિષ્ઠા, સત્યનિષ્ઠા, મિત્રતા, પ્રેમ, નેતૃત્વ અને મુશ્કેલ પરિસ્થિતિમાં યોગ્ય નિર્ણય લેવાની પ્રેરણા મેળવવી જોઈએ. નંદોત્સવ જેવા કાર્યક્રમો દ્વારા બાળકોને આપણી સંસ્કૃતિ સાથે જોડવાનો સુંદર અવસર મળે છે. આ તકે વસંતભાઈ મોવલીયા, દિનેશભાઈ ભુવા, આરએફઓ વાળા, રમેશભાઈ કાથરોટીયા, સુરેશભાઈ દેસાઈ, કાળુભાઈ સુહાગીયા, રાજુભાઈ ગઢિયા, ગણપતભાઈ સેંજલિયા, જયસુખભાઈ મોણપરા, રાજુભાઈ દેસાઈ, સંજયભાઈ પોકળ, બ્રમ્હાકુમારી માંથી કોમલબેન, મધુબેન, રાજેન્દ્રભાઈ, પ્રિયાંશીબેન, ખ્યાતીબેન, જગદીશભાઈ પોકળ, બીમલભાઈ પોકળ, આનંદભાઈ પોકળ તથા સંસ્થાવતી મંત્રી ચતુરભાઈ ખુંટ, પ્રવીણભાઈ ગજેરા, ચતુરભાઈ ગોંડલિયા , ચિરાગભાઈ ગજેરા ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરાએ આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવનાર બાલમંદિર વિભાગ, પ્રાથમિક શાળા, ગુજરાતી માધ્યમ, અંગ્રેજી માધ્યમ તથા મિશ્ર માધ્યમનાં તમામ શિક્ષકગણ, સુપરવાઈઝર્સઓ અને પ્રિન્સિપાલઓને શુભેચ્છા પાઠવી. વિદ્યાર્થીઓની તૈયારીથી લઈને સમગ્ર કાર્યક્રમનાં આયોજન અને વ્યવસ્થા સુધી અથાગ મહેનત કરનાર સમગ્ર સ્ટાફ પરિવારને કેમ્પસ ડાયરેકટર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, બાળકોને અભ્યાસની સાથે પોતાની સંસ્કૃતિ, પરંપરા અને મૂલ્યો સાથે જોડવા માટે સંસ્થા દ્વારા સમયાંતરે વિવિધ સાંસ્કૃતિક અને શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આવા કાર્યક્રમો બાળકોમાં આત્મવિશ્વાસ, સર્જનાત્મકતા, ટીમવર્ક, શિસ્ત અને સામાજિક જવાબદારી જેવા ગુણો વિકસાવવામાં મદદરૂપ બને છે. નંદોત્સવનાં આયોજનમાં વાલીઓએ પણ ઉત્સાહપૂર્વક સહભાગી બની સંસ્થાને સતત સહકાર આપ્યો હતો. પોતાના બાળકોને તૈયાર કરવામાં તથા વિવિધ પ્રવૃત્તિઓમાં જોડવામાં વાલીઓએ આપેલા સહયોગ બદલ સંસ્થાનાં પ્રમુખએ તમામ વાલીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો અને સમગ્ર શિક્ષક પરિવારને પણ કાર્યક્રમને સફળ બનાવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવેલી વિવિધ કૃષ્ણમય પ્રવૃત્તિઓ, બેસ્ટ કાન્હા અને બેસ્ટ રાધા સ્પર્ધા, મટકી ફોડ, આરતી તથા ઈનામ વિતરણ સહિતનાં કાર્યક્રમોએ સમગ્ર વાતાવરણને આનંદ, ઉત્સાહ અને ભારતીય સંસ્કૃતિના રંગોથી રંગી દીધું હતું. આમ, નંદોત્સવ– ૨૦૨૬ માત્ર મનોરંજનનો કાર્યક્રમ ન બની, પરંતુ વિદ્યાર્થીઓમાં શિસ્ત, સંસ્કાર, આત્મવિશ્વાસ અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે ગૌરવની ભાવનાં કેળવતો એક સુંદર અને સંદેશસભર ઉત્સવ બની રહ્યો હતો.

# કોટડાપીઠાના ખેડૂતોને વીજલાઈન માટેની એમઆરસીની કમિટી અને પરિપત્ર મંજુર નથી

કોટડાપીઠા, તા. ૧૦

કોટડાપીઠા ગ્રામપંચાયત કચેરી ખાતે આજે વીજ લાઈન, થામલાના પ્રશ્નનો લઈ મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. જેમાં મામલતદાર, ટીડીઓ, જેકટો કંપનીના અધિકારીઓ તેમજ પીજીવીસીએલની ટીમ ઉપસ્થિત રહી હતી.

આ બેઠકમાં ખેડૂતોના ખેતરોમાંથી પસાર થતી વીજ લાઈનના પ્રશ્નો એમઆરસી કમિટીની રચના અંગે ચર્ચા કરવામાં આવી હતી.

પરંતુ કોટડાપીઠાના ખેડૂતોની સ્પષ્ટ માંગ છે કે હાલની એમઆરસી કમિટી ખેડૂતોને મંજુર નથી. ખેડૂતોની અગાઉની રજુઆત અને કલેકટરને આપવામાં આવેલા આવેદનપત્રમાં ખેડૂતોની માંગ સ્પષ્ટ રીતે રજુ કરવામાં આવી છે.

સાથે સાથે તા. ૪/૭/૨૬ના રોજ સરકાર દ્વારા જાહેર કરાયેલ પરિપત્ર પણ કોટડાપીઠના ખેડૂતોને મંજુર નથી. કારણ કે ખેડૂતોના મતે તેમાં ખેડૂતોના હિતોનું પૂરતું રક્ષણ થતું નથી. અને વીજ લાઈનથી વાસ્તવિક નુકસાનીનો યોગ્ય ન્યાય મળતો નથી.



તસ્વીર : ભરત મહેતા–કોટડાપીઠા

(૧) હાલની એમઆરસી કમિટી ખેડૂતોને મંજુર નથી. (૨) તા. ૪/૭/૨૬નો પરિપત્ર ખેડૂતોને મંજુર નથી, સરકાર દ્વારા ખેડૂતોના હિતને ધ્યાનમાં રાખીને નવો પરિપત્ર બહાર પાડવામાં આવે.(૩) વીજ લાઈન, થાંભલાથી ખેડૂતોને થતી જમીન, પાક અને ખેતી સંબંધિત વાસ્તવિક નુકસાનીને ધ્યાનમાં લેવા આવે (૪) ખેડૂતોને ન્યાય મળે તેવી પારદર્શક અને યોગ્ય વળતરની જોગવાઈ કરવામાં આવે, (૫) ખેડૂતોની સંમતિ અને હિતને પ્રાથમિકતા આપીને કાયમી ઉકેલ લાવવામાં આવે તેવી માંગ ખેડૂતોએ કરી હતી.

## પાના ૧ ઉપરનું ચાલું ૨ અધિકારીઓ લાંચ લેતા ઝડપાયા

તથા એ.સી.બી. સ્ટાફ અમરેલી તથા ભાવનગર દ્વારા અમરેલીના સરકારી સરકીટહાઉસરૂમનંબર ૧૧ ચિતલરોડ ખાતે છટકું ગોઠવવામાં આવતા લાંચના છટકાદરમ્યાનઆબંન્નેએફરિયાદીસાથે સરકારી સર્કીટ હાઉસમાં આક્ષેપિત નંબર–૧ના કહેવાથી આક્ષેપિત નંબર–૨ એ ફરિયાદી પાસેથી લાંચની રકમ રૂપિયા૨૧ હજાર સ્વીકારેલ હતા. જેમાં આરોપી નં–૧નાં રૂપિયા ૧૫૦૦૦ તથા આરોપી નંબર–૨ નાં રૂપિયા ૬૦૦૦ એમ કુલ મળી રૂા. ૨૧૦૦૦સ્વીકારીબન્નેસ્થળપરપકડાઈ જઈ પોતાના હોદાનો દુરઉપયોગ કરી ગુન્હોકરેલબંનેઆરોપીઓનેઝડપીલઈ આગળની વધુ તપાસ હાથ ધરેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું ખાંભા માર્કેટયાર્ડની ખેડૂત વિભાગની

અનિભાઈ સેંજલીયાને ૧૮૩ મત મળ્યા છે. આ ઉપરાંત સુરેશભાઈ નસીત અને આનંદભાઈ ભટ્ટ બંનેને ૧૬૬ મત મળ્યા હતા ને ચિટ્ઠીમાં સુરેશ નસીતનો વિજય થયો હતો ને ભાજપ પ્રમુખ આનંદ ભટ્ટે સ્વીકાર કરીને ખેડૂતે મૂકેલા વિાસને ટકાવી રાખવા મહેનત કરવાનું જણાવ્યું હતું.

## પાના ૮ ઉપરનું ચાલું ગોપાલગ્રામમાં મેઘરાજાએ મોઢું ફેરવ્યુ

છે. સામાન્ય રીતે ખેડૂત જે પાકને ઉછેરવા માટે દિવસ–રાત મહેનત કરે છે, તેમાં જ પશુઓને ચરાવવા મૂકવાની સ્થિતિ સર્જાતા સમગ્ર વિસ્તારમાં ખેડૂતોની વ્યથા સ્પષ્ટ જોવા મળી રહી છે.

વરસાદ ખેંચાઈ જવાના કારણે માત્ર એક ખેડૂત નહીં પરંતુ ગોપાલગ્રામ તથા આસપાસના અનેક ગામોના ખેડૂતોની ચિંતા વધી છે. બિયારણ, ખાતર, દવા, મજૂરી, ટ્રેકટર સહિતના ખર્ચ બાદ ખેડૂતોએ ખેતરમાં પાક ઉભો કર્યો છે. હવે જો સમયસર વરસાદ નહીં થાય તો આ સમગ્ર ખર્ચ નિષ્ફળ જવાની ભીતિ છે. ખેતીમાં રોકાયેલા નાણાં પરત મેળવવા તો દૂર, આગામી સિઝન માટે પણ ખેડૂતો સામે આર્થિક મુશ્કેલી ઊભી થવાની શકયતા છે.

ખેડૂતોના જણાવ્યા મુજબ વરસાદ ખેંચાતા જમીનમાં ભેજનું પ્રમાણ ઘટી રહ્યું છે અને ઉભા પાક પર તેની સીધી અસર જોવા મળી રહી છે. ખાસ કરીને કપાસ સહિતના પાકને સમયસર વરસાદ અને ભેજની જરૂરિયાત રહેતી હોવાથી વરસાદમાં વધુ વિલંબ થાય તો પાકની સ્થિતિ વધુ કથળી શકે છે.

એક તરફ અમરેલી જિલ્લાના અનેક વિસ્તારોમાં ખેડૂતો વરસાદની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, ત્યારે બીજી તરફ જયાં વરસાદ ઓછો પડયો છે ત્યાં ખેડૂતોના ચહેરા પર ચિંતા સ્પષ્ટ દેખાઈ રહી છે. મેઘરાજા સમયસર મહેર કરે અને પાકને જીવનદાન મળે તેવી ખેડૂતો આશા રાખી રહ્યા છે.

ખેડૂતોનું કહેવું છે કે ખેતી સંપૂર્ણપણે વરસાદ આધારિત હોવાથી વરસાદ ખેંચાઈ જતાં તેમની આર્થિક સ્થિતિ પર સીધી અસર પડે છે. પાક નિષ્ફળ જાય તો ખેડૂતને માત્ર એક સિઝનનું નુકસાન થતું નથી, પરંતુ દેવા અને આગામી ખેતીના ખર્ચનો બોજ પણ વધે છે.

વરસાદની અછતને પગલે હવે ખેડૂતો દ્વારા સરકાર સમક્ષ અમરેલી જિલ્લાની પરિસ્થિતિનું તાત્કાલિક સર્વેક્ષણ કરાવી રાહતના પગલાં ભરવાની માંગ ઉઠી રહી છે. વરસાદની સ્થિતિ, પાકની હાલત અને ખેડૂતોને થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરી જરૂરિયાત મુજબ અમરેલી જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવે તેવી પણ માંગ ખેડૂતો દ્વારા કરવામાં આવી રહી છે.

ગોપાલગ્રામના ખેતરમાં કપાસના ઉભા પાકમાં પશુઓ ચરાવવાનો બનાવ ખેડૂતો માટે સર્જાયેલી મુશ્કેલીનું જીવંત ઉદાહરણ બની રહ્યો છે. હવે ખેડૂતોની નજર આકાશ તરફ મંડાયેલી છે અને મેઘરાજા કયારે વરસે તેની આતુરતાથી રાહ જોવાઈ રહી છે.

# સાવરકુંડલા : 'માનવતાની મહેક કબીર ટેકરી' પુસ્તકના સહ–લેખિકા દિપાલીબેન ડી. પંડયાનું સન્માન

સાવરકુંડલા, તા. ૧૦

સાવરકુંડલા શહેરમાં કબીર ટેકરી આશ્રમ ખાતે પ. પૂ. સદગરૂ તપસ્વી રામપ્રતાપ સાહેબની ૪૫ મી પુણ્યતિથિ નિમિત્તે યોજાયેલ પુસ્તક વિમોચન કાર્યક્રમના સમારંભમાં સાહિત્ય જગતના એક યાદગાર પ્રસંગે 'માનવતાની મહેક – કબીર ટેકરી' પુસ્તકનું ભવ્ય વિમોચન યોજાયું હતું. આ પ્રસંગ સાવરકુંડલા માટે ગૌરવની ક્ષણ બની રહ્યો.

આ પુસ્તકમાં બ્રહ્મલીન મહંત ૧૦૦૮ રામપ્રતાપની દિવ્ય જીવનકથા 'બાતે તિમિર ન ભાજય, દીવા, બત્તી, તેલ' શીર્ષક હેઠળ અત્યંત સંશોધનાત્મક અને હૃદયસ્પર્શી રીતે આલેખન કરનાર સાવરકુંડલાના યુવા શિક્ષિકા અને લેખિકા દિપાલીબેન ડી. પંડયાનું આ પ્રસંગે એક લેખિકા તરીકે અને સાવરકુંડલા ગામના ગૌરવ તરીકે વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.



આ ભવ્ય સમારોહમાં કબીર ટેકરી, સાવરકુંડલાના પરમ પૂજય મહંત નારણદાસના પવિત્ર સાનિધ્યમાં તથા ઉપસ્થિત સાહિત્યકારો અને અગ્રણીઓ વાસુદેવભાઈ સોઢા, ગોરધનભાઈ ભેસાણીયા, સુધીરભાઈ મહેતા, ઉદયભાઈ દેસાઈ, રવજીભાઈ કાચા,નાનાભાઈ ત્રિવેદી, અશોકભાઈ શેટે, મનિષભાઈ વિંઝુડા, જિજ્ઞાબેન ઠકરાર, ઉમેશભાઈ ચાવડા, યશ ત્રિવેદી–વિજ્ઞાન ભવન , અરવિંદભાઈ સુરતી, સંગીતાબેન ઓઝા, ધનજીભાઈ મકવાણા, કનુભાઈ લિંબાસિયા સહિત અનેક મહાનુભાવોના ઉપસ્થિમા નારાયણ દાસના વરદ હસ્તે દિપાલીબેનનું સાલ ઓઢાડી, સન્માનપત્ર અને પુષ્પગુચ્છ દ્વારા ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.

આ સન્માનનો પ્રતિભાવ આપતા દિપાલીબેન ડી. પંડયા એ જણાવ્યું હતું કે, 'બ્રહ્મલીન મહંત રામપ્રતાપની જીવનકથા લખવી એ મારા માટે માત્ર લેખન નહોતું, પણ એક સાધના હતી. આ સન્માન મારૂ એકલીનું નહીં, પરંતુ મારા ગુરૂજનો અને મારા વતન સાવરકુંડલાનું સન્માન છે.

આ પ્રસંગે સમગ્ર સભાએ તાળીઓના ગડગડાટ સાથે દિપાલીબેનને વધાવી લીધા હતા અને સાવરકુંડલાના ગૌરવ સમાન આ યુવા લેખિકાને ભવિષ્યમાં પણ આવા જ ઉત્તમ સાહિત્ય સર્જન માટે ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## પાના ૮ ઉપરનું ચાલું બગસરાનાં વેપારીઓ સાથે છેતરપીંડી

આરઆર કંપનીના બંડલો કુલ–૫૦, કિમત રૂપિયા ૧,૪૯,૫૫૦, પ્રાઈમર ડોલ નંગ – ૨, કિંમત રૂપિયા ૭૨૦૦, ફેવીકોલ ડોલ નંગ – ૨ કમત રૂપિયા ૧૨,૪૦૦, એક મોબાઈલ કિમત રૂા. ૪૦૦૦ મળી કુલ રૂપિયા ૨,૮૧,૯૫૦ ના મુદામાલ સાથે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

આરોપી વેપારી પાસે આવી બ્રાન્ડેડ કપડા, તેમજ બુટ ચપલનો શોરૂમ બનાવવાનો હોય અને દુકાન ભાડેથી રાખી અને તેમાં પરચુરણ કામ ચાલુકરી વેપારીઓને વિશ્વાસ કેળવી વેપારીઓ પાસેથી ઈલેકટ્રીક સામાન તેમજ ફર્નીચર લગત પ્લાયવુડનો સામાન તેમજ ટી.વી.એ.સી. જેવો સામાન તેમજ કલરકામ લગત સામાન ખરીદી કરી ભાગી જઈ ગુન્હો કરવાની ટેવ ધરાવે છે. અને આરોપી સામે અગાઉ પણ પાંચ જેટલાં ગુન્હાઓ નોંધાયા છે.

# બાબરામાં નીલકંઠ મહાદેવના સાંનિધ્યમાં લોકમેળાનો ઉત્સાહભેર પ્રારંભ થયો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરાના પંચકુંડ ખાતે શ્રી નીલકંઠ મહાદેવના પવિત્ર સાનિપ્રયમાં નીલકંઠ યુવક મંડળ દ્વારા આયોજિત ચાર દિવસીય ભવ્ય લોકભાતીગળ મેળાનો ઉત્સાહભેર પ્રારંભ કરવામાં આવ્યો હતો. પૂજય ઘનશ્યામદાસ બાપુના શુભ હસ્તે દીપ પ્રાગટય કરી મેળાને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. લોકમેળાના પ્રારંભ પ્રસંગે પંચકુંડના મહંત ભાવેસગીરી બાપુ, જિલ્લા પંચાયતના સભ્યો, બાબરા નગરપાલિકાના પ્રમુખ–ઉપપ્રમુખ, તાલુકા પંચાયતના પ્રમુખ–ઉપપ્રમુખ, શહેર ભાજપ પ્રમુખ, તાલુકા ભાજપ પ્રમુખ, જિલ્લા કિસાન મોરચાના પ્રમુખ સહિતના આગેવાનો, નીલકંઠ યુવક મંડળ ના સભ્યો તથા સ્થાનિક ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. તા. ૧૦ સપ્ટેમ્બરથી તા. ૧૩ સપ્ટેમ્બર સુધી ચાર દિવસ ચાલનારા આ ભવ્ય લોકમેળામાં બાબરા સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડવાની સંભાવના છે. ખાસ કરીને અમાસના દિવસે મેળામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને મુલાકાતીઓ પહોંચતા હોવાથી સમગ્ર મેળા પરિસરમાં ભારે ભીડ જોવા મળવાની શકયતા છે. સૌરાષ્ટ્રના અનેક પરિવારોના સુરાપુરા દાદા બાબરા તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં બિરાજમાન હોવાથી લોકો પરંપરાગત રીતે દાદાના દર્શન કર્યા બાદ પરિવાર સાથે પંચકુંડ ખાતે યોજાતા લોકમેળાની મુલાકાત લઈ આનંદ માણતા હોય છે. ધાર્મિક આસ્થા સાથે લોકમેળાની મોજ–મસ્તીનું અનોખું સંગમ સર્જાતાં દર વર્ષે મોટી સંખ્યામાં લોકો અહીં આવે છે. મેળામાં મુલાકાતીઓ માટે વિવિધ આકર્ષણો ઉભા કરવામાં આવ્યા છે. જેમાં જલપરી, મિકસર, મોતનો કૂવો, બ્રેક ડાન્સ સહિતની નાની–મોટી રાઈડસ તેમજ બાળકો માટે ખાસ રાઈડસ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ ઉપરાંત ખાણી–પીણીના વિવિધ સ્ટોલ, રમકડાં સહિતની ચીજવસ્તુઓ અને ખરીદી માટેની બજાર પણ ઉભી કરવામાં આવી છે. જેના કારણે ચાર દિવસ દરમિયાન મેળાનું સમગ્ર વાતાવરણ ઉત્સવમય બની રહેવાની શકયતા છે. અમાસના દિવસે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત પંચકુંડ ખાતે અમાસના દિવસે મોટી સંખ્યામાં લોકો તર્પણ માટેઆવતા હોવાથી કોઈ પ્રકારની અવ્યવસ્થા કે ટ્રાફિકની સમસ્યા સર્જાય નહીં તે માટે બાબરા પોલીસ દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. બાબરા પોલીસ સ્ટેશનના પીઆઈ આર.આર. પરમારના જણાવ્યા મુજબ, અમાસના દિવસે દિવસ–રાત પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવશે. મેળા પરિસરમાં ખાસ પોલીસ ચોકી ઉભી કરી ત્યાં પણ પોલીસ કર્મચારીઓ સતત ફરજ બજાવશે. સમગ્ર મેળા દરમિયાન પોલીસ દ્વારા બાજ નજર રાખી કાયદો–વ્યવસ્થા તેમજ ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જરૂરી કામગીરી કરવામાં આવશે. ધાર્મિક આસ્થા, લોકપરંપરા અને મનોરંજનના ત્રિવેણી સંગમ સમાન બાબરાનો આ લોકમેળો આગામી ચાર દિવસ દરમિયાન સમગ્ર પંથક માટે આકર્ષણનું કેન્દ્ર બનશે.

# અમરેલી ખાતે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત જિલ્લા ભાજપની કાર્યશાળા યોજાઈ



ભારતીય જનતા પાર્ટી દ્વારા દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસ તેમજ ગુજરાતના મુખ્યમંત્રી બાદમાં દેશના પ્રધાનમંત્રી તરીકે સતત અવિરત સેવાના ૨૫ વર્ષની ઉજવણી સમગ્ર દેશમાં વિવિધ સેવાકાર્યો કરીને થવાની છે, ગુજરાત પ્રદેશ ભાજપના માર્ગદર્શન મુજબ અલગ – અલગ ૧૩ કાર્યક્રમોની સૂચી બનાવવામાં નિર્ધારિત કરવામાં આવી છે. પ્રધાનમંત્રીના જન્મ દિવસ તા. ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ થી ૧૭ ઓકટોબર ૨૦૨૬ સુધી ચાલનારા મહાસેવા અભિયાનમાં (૧) આશીર્વાદનો દીવડો, (૨) ૨૫ કરોડ બાળકોના સપનાનું ભારત, (૩) નામો સેવા ગાથા શેરી નાટક, (૪) આગણાનો ઉત્સવ, (૫) વાર્તા પરિવર્તનની, (૬) વિકસિત ભારત સંકલ્પ યાત્રા, (૭) સેવા જયોતિ યાત્રા, (૮) વડનગર થી વારાણસી – જળ જન અને સેવા સંકલ્પ યાત્રા (૯) સેવા મારૂ યોગદાન, (૧૦) સેવા સેતુ અભિયાન, (૧૧) રંગોળી રાષ્ટ્ર, (૧૨) રાષ્ટ્રીય ઈનોવેશન ચેલેન્જ, (૧૩) જનસેવા મહાકુંભ પંચાયતથી પાર્લામેન્ટ સહિતના કાર્યક્રમો સરકાર, સંગઠન અને જનભાગીદારીથી કરવામાં આવશે. સેવા અભિયાન અંતર્ગત અમરેલી જીલ્લા ભારતીય જનતા પાર્ટીની કાર્યશાળા પ્રમુખ અતુલભાઈ કાનાણીના અધ્યક્ષ સ્થાને તેમજ સંગઠન પ્રભારી અભયસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં અમરેલી ખાતે યોજાઈ હતી. જેમાં વક્તા તરીકે ગુજરાત પ્રદેશ ભાજપના મીડિયા ઈન્ચાર્જ પ્રશાંતભાઈ વાળા ઉપસ્થિત રહ્યાં હતા, તેઓએ પ્રધાનમંત્રીના જન્મ દિવસ અને સુશાનના સળંગ ૨૫ વર્ષની સેવામય સફરની સેવામય ઉજવણી કરવી એ આપણા માટે ગૌરવની વાત છે, તેમ જણાવતા કાર્યકર્તા તરીકે પ્રધાનસેવક પ્રત્યે અભાર વ્યક્ત કરવાનો આ અનેરો મોકો છે. અમરેલી જીલ્લા ભાજપના અપેક્ષિત શ્રેણીના આગેવાનોને એલ.ઈ.ડી.સ્કીન પર પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન આપી કાર્યક્રમોની વિગતવાર માહિતી આપી હતી. જીલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ સેવા સંકલ્પ અભિયાનના દરેક કાર્યક્રમો સુચારૂ રીતે અને લોકો વચ્ચે લોકો માટે યોજાય એમ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં જીલ્લા ભાજપના મહામંત્રીઓ રાજુભાઈ ભૂતૈયા, મયુરભાઈ માંજરીયા, ચેતનભાઈ શિયાળ અને સેવા સંકલ્પ અભિયાનના કન્વીનર દિવ્યેશભાઈ વેકરીયા, સહ કન્વીનર મેહુલભાઈ ધોરાજીયા, ધર્મેન્દ્રગીરી ગૌસ્વામી, ક્રિશ્નાબેન મકવાણા, ચેતનભાઈ ધાનાણી, સાગરભાઈ સરવૈયા તેમજ જીલ્લા ભાજપના ઉપાધ્યક્ષ દીપકભાઈ વઘાસીયા, મનોજભાઈ મહીડા, શરદભાઈ પંડયા, ગીતાબેન કારીયા, જયાબેન ગેલાણી, મંત્રી પી.વી. વસાણી, રંજનબેન ડાભી, કોમલબેન બારૈયા, હીનાબેન નાઢાં, બ્રિજેશભાઈ કુરુન્દલે, કોષાધ્યક્ષ મહેશભાઈ જાવિયા, જીલ્લા પંચાયત ઉપપ્રમુખ મહાવીરબાપુ ભગત કારોબારી ચેરમેન અરજણભાઈ વાઘ, બાંધકામ સમિતિ ચેરમેન પ્રકાશભાઈ પાનસુરીયા, મહિલા અને બાળ વિકાસ સમિતિ ચેરમેન સોનલબેન દેસાઈ, સિંચાઈ સમિતિ ચેરમેન અમરશીભાઈ સામાજિક ન્યાય સમિતિના ચેરમેન ડેનીભાઈ પરમાર, અમરેલી નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયા સાવરકુંડલા નગરપાલિકા પ્રમુખ નયનાબેન કાપડિયા, ચલાલા નગરપાલિકા પ્રમુખ ભૂમિબેન વાળા, દામનગર નગપાલિકા પ્રમુખ ભાવનાબેન ગૌસ્વામી, બગસરા નગરપાલિકા પ્રમુખ નિરાવભાઈ ગોંડલિયા, ધારી નગરપાલિકા પ્રમુખ જયદેવભાઈ બસિયા સહકારી અગ્રણી ભાવનાબેન ગોંડલિયા, અનિલભાઈ વેકરીયા, દીપકભાઈ માલાણી , અરૂણભાઈ પટેલ, ભુપેન્દ્રભાઈ બસિયા, મુકેશભાઈ ખોખરીયા, હિંમતભાઈ દોંગા, જીતુભાઈ ડેર, રવુભાઈ ખુમાણ, ગોપાલભાઈ અંટાળા, અલ્કાબેન ગોંડલિયા તેમજ જીલ્લા પંચાયતના સભ્યો, મંડળના પ્રમુખ, મહામંત્રી અને પ્રભારીઓ નગરપાલિકા તથા તાલુકા પંચાયતના સભ્યઓ, સેવા સંકલ્પ અભિયાન ટીમના સભ્યઓ ઉપસ્થિત રહ્યાં હતા આ કાર્યકર્મને સફળ બનાવવા મીડિયા ટીમના વિપુલ ભટ્ટી, સોશિયલ મીડિયાના ધર્મેશ વિસાવળીયા, આઈ.ટી. ના રાકેશ નાકરાણી, કાર્યલય મંત્રી મહેન્દ્રભાઈ ચાવડા, કેતન ઢંકેચા, રોમિત કોટડીયા, શિવાંગ ત્રિવેદી, જય નાઢાં વગેરેએ જહેમત ઉઠાવી હતી એમ જીલ્લા ભાજપના મીડિયા ઈન્ચાર્જ વિપુલ ભટ્ટીએ જણાવ્યું છે.

## સાવરકુંડલા : પવિત્ર શ્રાવણ માસની શિવરાત્રીએ શ્રી પાર્થિવ શિવલિંગ મહાપૂજન ભવ્યતાથી સંપન્ન



સાવરકુંડલા, તા. ૧૦

સાવરકુંડલા ખાતે પવિત્ર શ્રાવણ માસની શિવરાત્રીના પાવન અવસરે 'શ્રી પાર્થિવ શિવલિંગ મહાપૂજન'નું ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

ગતરોજ તા. ૦૯-૦૯-૨૦૨૬, બુધવારના રોજ સાંજે ૭:૦૦ કલાકથી યોજાયેલ આ દિવ્ય મહોત્સવમાં રાત્રિના ચાર પ્રહર દરમિયાન સંપૂર્ણ રાત્રિ દરમિયાન વિશેષ પૂજા–અર્ચના કરવામાં આવી હતી. આ મહાપૂજન પૂજય સ્વામી ભોલાનંદ ગુરૂજી દ્વારા લાઈવ પ્રસારણના માધ્યમથી વિધિવત રીતે કરાવવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં પધારેલ તમામ ભક્તજનો માટે સુચારૂ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી, જેમાં ભાઈઓ માટે આશ્રમ પટાંગણ તથા બહેનો માટે પટેલ વાડી (શિવાજીનગર) ખાતે અલગ બેઠક વ્યવસ્થા કરવામાં આવી હતી. પૂજા પૂર્વે પધારેલ તમામ ધર્મપ્રેમી જનતા માટે ફલાહાર તેમજ સવારે ભોજન પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

ગતરોજ આ મહાપૂજન દરમિયાન બહોળી સંખ્યામાં ભાવિકોએ ઉપસ્થિત રહી દિવ્ય પૂજન વિધિનો લ્હાવો લઈ પોતાના જીવનને ધન્યતા અનુભવી હતી. આશ્રમ પરિવાર દ્વારા આયોજિત આ ધાર્મિક કાર્યક્રમથી સમગ્ર સાવરકુંડલા પંથકમાં ભક્તિમય અને પવિત્ર વાતાવરણ સર્જાયું હતું. એમ આશ્રમના પરમ ભક્ત અશ્વિનભાઈ કથિરિયાએ જણાવ્યું હતું.

## વડિયા ખાતે યુવા ભાજપ દ્વારા વંદે માતરમ યુવા ઉદ્ઘોષ અભિયાન યોજાયુ



વડિયા, તા. ૧૦

ભારતીય જનતા પાર્ટી યુવા મોરચાના વંદે માતરમ યુવા ઉદ્ઘોષ અભિયાન અંતર્ગત વડિયા – કુંકાવાવ તાલુકા યુવા ભાજપ દ્વારા વડિયા ગામની સુરગવાળા સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે સંપૂર્ણ વંદે માતરમ્ યુવા ઉપ્રઘોષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં વડિયા – કુંકાવાવ તાલુકા પંચાયંત કારોબારી ચેરમેન તુષારભાઈ ગણાત્રા, વડિયા કુંકાવાવ તાલુકા પંચાયંત દંડક પ્રતિનિધિ હરેશભાઈ રાદડિયા, વડિયા – કુંકાવાવ તાલુકા યુવા ભાજપ પ્રમુખ પ્રતિકભાઈ હરખાણી, જીગરભાઈ સેજપાલ, પાર્થ ભાઈ હરખાણી, વિરદીપ ભાઈ ગાગીયા, અશ્વિનભાઈ મહેતા, અલ્તાફભાઈ મોગલ તેમજ શાળાના આચાર્ય, દિલીપભાઈ પાદરીયા શિક્ષકગણ, વિદ્યાર્થીઓ અને ગામના યુવાનોની વિશેષ ઉપસ્થિતિ રહી.

રાષ્ટ્રભક્તિ અને રાષ્ટ્ર ગૌરવની ભાવના સાથે સેએ એકસાથે મળી વંદે માતરમનું સંપૂર્ણ ગાન કરી માતૃભૂમિ પ્રત્યે પોતાની શ્રદ્ધા અને સમર્પણ વ્યક્ત કર્યુ.

### DySP વિરલ ચંદનનાં અધ્યક્ષ સ્થાને

## લીલીયાના પાંચ તલાવડા ગામે પોલીસનો લોક દરબાર યોજાયો

### ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધી કાયદો - વ્યવસ્થા અંગે જાગૃતિ ફેલાવાઈ



લીલીયા મોટા, તા.૧૦

લીલીયા પોલીસ સ્ટેશન હેઠળના પાંચ તલાવડા ગામે નાયબ પોલીસ અધિક્ષક વિરલ ચંદનના અધ્યક્ષસ્થાને લોકદરબાર કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં સરપંચ, ગ્રામજનો તથા પોલીસ અધિકારીઓની ઉપસ્થિતિમાં ગામની કાયદો – વ્યવસ્થાને લગતા વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા કરી ગ્રામજનો સાથે સીધો સંવાદસાધવામાં આવ્યો હતો. લોકદરબારમાં ટ્રાફિક નિયમોનું પાલન, જુગાર – દારૂ, કતલખાને લઈ જવાતા પશુઓ, જેવી અસામાજિક પ્રવૃત્તિઓ, વ્યાજખોરી તેમજ વધતા જતા સાયબર ક્રાઈમ અંગે ગ્રામજનોને સાવચેત કરવામાં આવ્યા હતા. ઉપરાંત ASK એપ્લિકેશન તેમજ 181 અને 112 હેલ્પલાઈન અંગે જરૂરી માહિતી આપી તેનો યોગ્ય સમયે ઉપયોગ કરવા સમજ આપવામાં આવી હતી. ગામમાં કોઈ અસામાજિક તત્વો સક્રિય હોય અથવા કાયદો – વ્યવસ્થા સંબંધિત કોઈ પ્રશ્ન કે ફરિયાદ હોય તો પોલીસને ખાનગી રીતે અથવા ટેલિફોનિક રીતે જાણ કરવા ગ્રામજનોને અપીલ કરવામાં આવી હતી. પોલીસ અને પ્રજા વચ્ચે વિશ્વાસ વધુ મજબૂત બને તેમજ નાગરિકોની સમસ્યાઓનું ત્વરિત નિરાકરણ થાય તે દિશામાં લોકદરબાર મહત્વપૂર્ણ સાબિત થયો હતો. આ પ્રસંગે લીલીયા પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.ડી.સાળુંકે, પીએસઆઈ વાય.એમ. જાડેજા સહિત પોલીસ કર્મચારીઓ, સરપંચ ધીરૂભાઈ ખુમાણ, ભોળાભાઈ પટેલ, નટુભાઈ પટેલ, પુંજભાઈ ખુમાણ, ધીરૂભાઈ પટેલ, બાબુભાઈ પટેલ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### કાચા માલના ભાવ વધતા મોંઘી બની મૂર્તિઓ

## અમરેલીમાં ગણેશોત્સવની તૈયારીઓ વચ્ચે મૂર્તિકારોના ખર્ચમાં વધારો

### ઘરેલું મૂર્તિથી લઈને મોટી પ્રતિમાઓના ભાવમાં વધારો



અમરેલી, તા.૧૦

ગણેશોત્સવને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે અમરેલી શહેર સહિત જિલ્લામાં અનેક સ્થળોએ ગણેશજીની મૂર્તિઓ બનાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. ગણેશોત્સવ પર્વને લઈને ભક્તોમાં પણ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જો કે આ વર્ષે ગણેશજીની મૂર્તિ ખરીદવા માટે ભક્તોએ ગત વર્ષની સરખામણીએ વધુ રકમ ચૂકવવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. મૂર્તિ બનાવવા માટે જરૂરી માટી, રંગ, પ્લાસ્ટર, પીઓપી સહિતના કાચા માલના ભાવમાં વધારો થતાં મૂર્તિકારોના ખર્ચમાં વધારો થયો છે. અને તેની સીધી અસર મૂર્તિના વેચાણ ભાવ પર પડી રહી છે.અમરેલી શહેરના લાઠી રોડ પર ખૂણાથી આગળ મૂર્તિકારો દ્વારા ગણેશજીની વિવિધ પ્રકારની પ્રતિમાઓ તૈયાર કરવામાં આવી રહી છે. અહીં હાલ નાની ઘરેલું મૂર્તિથી લઈને મોટી કદની ગણેશજીની પ્રતિમાઓ બનાવવાની કામગીરી દિવસ – રાત ચાલી રહી છે. ગણેશોત્સવ નજીક આવતા મૂર્તિકારો પાસે ઓર્ડરનો ધસારો વધ્યો છે અને સમયસર મૂર્તિઓ તૈયાર કરી ગ્રાહકોને પહોંચાડવા માટે કારીગરો ભારે મહેનત કરી રહ્યા છે.

મૂર્તિકારોના જણાવ્યા મુજબ ઘર અથવા દુકાનમાં સ્થાપના કરવા માટે સામાન્ય રીતે નાની ગણેશ મૂર્તિઓની વધુ માંગ રહે છે. જો કે અમરેલીમાં આ વર્ષે ૯ ફૂટ સુધીની પ્રતિમાઓના ઓર્ડર પણ મળી રહ્યા છે. મોટી મૂર્તિ બનાવવામાં વધુ સમય, વધુ માટી અને કારીગરીની જરૂર પડતી હોવાથી તેના ભાવ પણ સ્વાભાવિક રીતે વધુ રહે છે.મૂર્તિકારો કહે છે કે અમરેલીમાં પરંપરાગત રીતે માટીની ગણેશ મૂર્તિઓ માટે ગ્રાહકોની પસંદગી જોવા મળે છે. પર્યાવરણની જાળવણી અંગે જાગૃતિ વધતા માટીની મૂર્તિઓ તરફ લોકોનો ઝોક પણ વધ્યો છે. માટીની મૂર્તિનું વિસર્જન પણ સરળતાથી થઈ શકે તેવા કારણે અનેક પરિવારો અને આયોજકો હવે માટીની મૂર્તિને પ્રાધાન્ય આપી રહ્યા છે.

હાલ અમરેલીમાં મૂર્તિકારો દ્વારા સવારથી મોડી રાત સુધી મૂર્તિઓ બનાવવાની કામગીરી ચાલી રહી છે. કેટલાક કારીગરો અગાઉથી મળેલા ઓર્ડર પૂર્ણ કરવામાં વ્યસ્ત છે તો કેટલાક કારીગરો બજારની માંગને ધ્યાનમાં રાખીને વધારાની મૂર્તિઓ તૈયાર કરી રહ્યા છે. ગણેશોત્સવ નજીક આવતાં હવે મૂર્તિઓના અંતિમ રંગકામ અને શણગારની કામગીરીને ઝડપ આપવામાં આવી રહી છે.

કાચા માલના ભાવમાં વધારો અને વધતી મહેનતને કારણે આ વર્ષે ગણેશજીની મૂર્તિઓના ભાવમાં વધારો થયો હોવા છતાં ભક્તોમાં બાપ્પા પ્રત્યેની આસ્થા યથાવત જોવા મળી રહી છે. ઘરથી લઈને જાહેર પંડાલો સુધી ગણેશજીની સ્થાપનાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે અને આગામી દિવસોમાં અમરેલી શહેર તથા જિલ્લામાં ગણેશોત્સવની રોનક વધુ વધવાની છે.

ગણેશજીની મોટી મૂર્તિ તૈયાર કરવા માટે માત્ર માટી જ નહીં પરંતુ ઘાસ, દોરી – સૂતળી, રંગ, શણગાર સહિતની વિવિધ સામગ્રીનો ઉપયોગ કરવો પડે છે. કારીગરોના જણાવ્યા પ્રમાણે મોટી મૂર્તિ બનાવવાનો ખર્ચ પણ વધ્યો છે. માટીની મૂર્તિના ભાવમાં રૂા.૨૦ થી રૂ.૩૦ સુધીનો વધારો નોંધાયો છે. અગાઉ રૂા.૩,૫૦૦માં મળતી મૂર્તિ હવે રૂા.૪,૫૦૦ સુધી પહોંચી હોવાનું જાણવા મળે છે. જયારે ગયા વર્ષે રૂા. ૫,૦૦૦ માં મળતી મૂર્તિ માટે આ વર્ષે રૂા.૧૦,૦૦૦ સુધીનો ભાવ બોલાતો હોવાનું મૂર્તિકારો જણાવી રહ્યા છે. ખાસ કરીને મોટી અને આકર્ષક ડિઝાઈન ધરાવતી પ્રતિમાઓમાં ભાવવધારાની અસર વધુ જોવા મળી રહી છે.આ વર્ષે ગણેશજીની મૂર્તિઓમાં પરંપરાગત સ્વરૂપની સાથે વિવિધ આધુનિક ડિઝાઈન અને થીમ આધારિત પ્રતિમાઓની પણ માંગ જોવા મળી રહી છે. ગ્રાહકો પોતાની પસંદગી પ્રમાણે બાપ્પાની મૂર્તિ, મુગટ, વસ્ત્રો, શણગાર અને રંગોની પસંદગી કરી રહ્યા છે. વિવિધ પ્રકારના હિન્દુ દેવ – દેવીઓ, મુદ્રાઓ, આભૂષણો અને શણગાર સાથેની મૂર્તિઓ બજારમાં જોવા મળી રહી છે.

ગણેશોત્સવના દિવસો નજીક આવતા મૂર્તિકારો અને કારીગરોની વ્યસ્તતા વધી ગઈ છે. એક મૂર્તિ તૈયાર કરવામાં શરૂઆતમાં માળખું તૈયાર કરવામાં આવે છે. ત્યારબાદ માટી લગાવીને મૂર્તિને આકાર આપવામાં આવે છે. મૂર્તિ સુકાયા બાદ તેના પર રંગકામ અને શણગારની કામગીરી કરવામાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયામાં અનેક દિવસોનો સમય લાગે છે.

### રૂપાયતન અને સર્જક સેતુનાં સંયુક્ત ઉપક્રમે

## અમરેલી ખાતે શ્રી ઈન્દુબેન સંઘવી બાળ સાહિત્ય સર્જન પ્રતિયોગિતાનું આયોજન

### વધુ વિગત માટે મો. ૯૪૦૮૧ ૫૨૦૯૨ પર સંપર્ક કરો

અમરેલી, તા. ૧૦

અમરેલી સ્વામી વિવેકાનંદ વિધાભારતીટ્રસ્ટ રૂપાયતનતથા ' 'સર્જક–સેતુ'' ના સંયુકત ઉપક્રમે અમરેલી ખાતે શ્રી ઈન્દુબેન સંઘવી બાળ સાહિત્ય સર્જન પ્રતિયોગિતા યોજાશે.

રૂપાયતનસંસ્થાછેલ્લાપાંચ દાયકાથી બાળકેળવણી ક્ષેત્રે પોતાનું મહત્વપૂર્ણયોગદાનઆપીરહીછે. બાળ કનાંસર્વાંગીવિકાસમાંઘર, શાળા, સમાજ, પાઠયપુસ્તકો, પર્યાવરણ ઉપરાંત બાળ સાહિત્યનો પણ અગત્યનો ફાળો હોય છે. બાળકને શીખવાની થતી ભાષા તે બાળ વાર્તા, કવિતા, જોડકણાં, સંવાદો વગેરેનાં માધ્યમથી શીખે છે. આમ બાળ સાહિત્ય અને બાળકેળવણી અભિન્ન રીતે સંકળાયેલા છે.બાળ સાહિત્યનું મહત્વ કેન્દ્રમાં રાખીતેનેચોક્કસદિશામાંવેગમળે, ઉત્તમ સાહિત્ય બાળકો સુધી પહોંચે અને બાળ સાહિત્ય સર્જકોને ઉચિત પ્રોત્સાહન મળે તે હેતુથી રૂપાયતન સંસ્થા યોજી રહી છે.બાળ સાહિત્ય સર્જન પ્રતિયોગિતા જે કુલ ત્રણ વિભાગોમાં આયોજીત છે. બાળ વાર્તા સર્જન, બાળકાવ્યો/ જોડકણાં/ બાળ ગીત સર્જન (એક જ વિભાગ ગણાશે), બાળ એકાંકી સર્જન. પ્રતિયોગિતાનાં નિયમો નીચે મુજબ રહેશે (૧) ઉપરોકત પ્રતિયોગિતામાત્રબાળસાહિત્યનાંસર્જકો માટેજરહેશે, પ્રકાશકોમાટેનહીં, (૨) બાળ સાહિત્ય સર્જકે વર્ષ ૨૦૨૫માં પ્રકાશિત થયેલ બાળ સાહિત્યનાં પુસ્તકોની એક–એક નકલ મોકલવાની રહેશે (જાન્યુઆરી ૨૦૨૫થી ડિસેમ્બર ૨૦૨૫માં પ્રકાશિત પુસ્તકો જ મોકલવા, (૩) દરેકવિભાગમાંપ્રથમ, દ્રિતીય, તૃતીય એમ ત્રણ સર્જકોને પ્રમાણપત્ર તથા અનુક્રમે રૂા. ૭૦૦૦/૫૦૦૦/ ૩૦૦૦ રોકડ પુરસ્કાર અપાશે, (૪) પુસ્તક વ્યકિતગતરીતેમૌલિકપ્રકાશિતથયેલુંહોવુ જરૂરીછે. ભાષાંતર કેસંયુકતરીતેપ્રકાશિત પુસ્તક અમાન્ય ગણાશે, (૫) બાળ સાહિત્ય સર્જકે અલગ કાગળમાં નીચે મુજબની વિગત સ્પષ્ટ રીતે લખવી વિભાગ, સર્જકનું નામ, સરનામું, વોટસએપ નબર, ઈ–મેઈલ, પુસ્તકનું નામ, પ્રકાશન વર્ષ, (૬) પુસ્તકો ૩૧ ઓકટોબર૨૦૨૬સુધીમાંનીચેનાસરનામે કુરિયરઅથવાપોસ્ટધ્વારામોકલવા, (૭) આ પ્રતિયોગિતા માટેની જરૂરી માહિતી ભારતીબેન ગોહિલ (મો. ૯૪૨૮૩ ૪૧૦૪૩) તથા રવજીભાઈ કાચા (મો. ૯૪૦૮૧ ૫૭૦૯૨) પાસેથી મળશે, (૮) ''સર્જક–સેતુ'' નાસંપાદકતથાપરામર્શકસહભાગીબની શકશેપણપ્રતિયોગિતામાંભાગલઈશકશે નહીં, (૯) નિર્ણાયકોનો નિર્ણય આખરી રહેશે.વધુ વિગત માટે રવજીભાઈ કાચા–માનદમંત્રી સ્વામી વિવેકાનંદ વિધાભારતી ટ્રસ્ટ રૂપાયતન, ગાયત્રી શકિતપીઠનીબાજુમાં, ચિતલરોડ મો. ૯૪૦૮૧૫૭૦૯૨, ૮૨૦૯૭૬૬૩૩૧ પરસંપર્કકરવો.

## અમરેલીના ત્રણ મિત્રોનાં સાહસ અને મહેનતે જન્મ આપ્યો DG it Point ને







અમરેલી, તા. ૧૦

જયારે મોટાભાગના યુવાનો નોકરીની લાઈનમાં ઉભા રહે છે, ત્યારે અમરેલીના ત્રણ મિત્રો – ગજેરા પ્રિયાંશુ, ધાનાણી ધ્રુમિલ અને ગમારા કરણે લાઈન તોડીને પોતાની કંપની બનાવી. નામ છે DG it Point આ કોઈ કંપની નથી, આ ત્રણ મિત્રોની હિંમત, સાહસ અને મહેનતની સિદ્ધિ છે જેણે આજે અમરેલીને ગૌરવ અપાવ્યું છે.

જયારે આજની મોટા ભાગની યુવા પેઢી સરકારી નોકરીની લાઈનમાં કે વિદેશ જવાના સપનામાં અટવાયેલી છે, ત્યારે અમરેલીની ધરતીના ત્રણ યુવાનોએ લાઈનથી અલગ હટીને પોતાની લાઈન બનાવી છે. તેમણે સાબિત કર્યુ છે કે સફળતા માટે મોટા શહેરમાં જન્મ લેવો જરૂરી નથી, મોટું વિચારવું જરૂરી છે.

આ ત્રણ મિત્રોએ સાથે મળીને DG it Point નામની આધુનિક IT કંપનીનો પ્રારંભ કર્યો છે. આ માત્ર કંપની નથી, આ ત્રણ મિત્રોના એક સપનાની શરૂઆત છે, જે અમરેલીથી શરૂ થઈને અમદાવાદ સુધી અને અમદાવાદથી ગ્લોબલ સુધી જવાનું છે. DG it Point આજના સમયની સૌથી ડિમાન્ડેડ ટેકનોલોજી સેવાઓ આપશે. Web Developemetn, Mobile App Development, Custom Software, Artificial Intelligence (AI), Automation, Digitl Products, Cloud અને API Solitions એટલે કે તમારા એક વિચારને દુનિયા સામે મૂકવો હોય કે તમારા ધંધાને AI થી ઓટોમેટિક કરવો હોય, હવે મુંબઈ દિલ્હી સુધી લાંબા થવાની જરૂર નથી, આપણા અમરેલીના યુવાનો જ એ કરી બતાવશે.

પણ આ કંપનીની સૌથી જોરદાર વાત એ છે કે તેઓ ટેકનોલોજીમાં દીકરીઓને પણ આગળ લાવવા માંગે છે. તેમનો સ્પષ્ટ સંકલ્પ છે કે કોડિંગ માત્ર છોકરાઓનો વિષય નથી. અમરેલીની દીકરીઓમાં પણ એટલી જ તાકાત છે કે તેઓ દુનિયાની મોટી ટેક કંપનીઓમાં પોતાની આગવી ઓળખ બનાવી શકે. મહિલા સશક્તિકરણનો આ વિચાર જ #DG_it_Point ને બીજા કરતા અલગ અને મોટો બનાવે છે.

રાજ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ રાજકોટના મગજ, મણકા તથા કરોડરજ્જુના સુપર સ્પેશ્યાલીસ્ટ ડોક્ટર–અમરેલીમાં તારીખ : ૧૧/૦૯/૨૦૨૬ શુક્રવાર
સમય : સવારે ૧૧:૦૦ થી ૧૨:૩૦
મગજની તકલીફો
❖ અકસ્માત/ઈજા ❖ મગજની ગાંઠ / સતત માથામાં દુઃખાવો
❖ હેમરેજ ❖ મગજમાં પાણી ભરાવું ❖ એપિલેપ્સીની સારવાર
❖ ટ્રાઈજેમીનલ ન્યુરાલ્જીયા (ચહેરા પર કરંટ જેવા ઝટકા આવવા)
❖ ચહેરાનો એક બાજુનો ભાગ ખેંચાવો (હેમિફેશિયલ સ્પાસમ HFS )
કરોડરજ્જુની તકલીફો
❖ કમરમાં દુઃખાવો ❖ ગરદનમાં દુઃખાવો
❖ મણકાની ઈજાઓ ❖ ગાદીમાં ઘસારો ❖ સાયટીકાની તકલીફ
24/7 Emergency Services
ડો.પુનિત આર. ત્રિવેદી
ન્યુરો & સ્પાઈન સર્જન
ફેલો ઈન એપીલેપ્સી, બ્રેઈન એન્ડોસ્કોપી એન્ડ સ્કલ બેઈઝ સર્જરી, મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત સર્જન
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ
મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી–૩૬૫૬૦૧
ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૨ / ૨૩૩૯૯૯
વધુ માહિતી માટે 98793 18088

# અમરેલી જિલ્લામાં વરસાદ ખેંચાતા ખેડૂતોની હાલત કફોડી બની ગઈ

# ગોપાલગ્રામમાં મેઘરાજાએ મોઢું ફેરવ્યુ તો ખેડૂતે કપાસના ખેતરમાં પશુઓ ચરાવ્યા !

**ગોપાલગ્રામ સહિત આસપાસના ગામોમાં પાક બચાવવો મુશ્કેલ બન્યો**

**મોંઘા ભાવનું બિયારણ, ખાતર, દવા અને શ્રમનું વળતર મળવુ મુશ્કેલ**

**આગામી મોસમ માટે ખાતર, બિયારણ ખરીદવાનું પણ મુશ્કેલ બનશે**

**અમરેલી જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરી તાત્કાલિક રાહત આપવા માંગ**



અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લામાં ચોમાસાની શરૂઆત બાદ વરસાદની આશાએ વાવેતર કરી બેઠેલા ખેડૂતોની હાલત હવે ચિંતાજનક બની રહી છે. ખાસ કરીને ધારી તાલુકાના ગોપાલગ્રામ તથા આસપાસના ગામોમાં વરસાદ ખેંચાઈ જતાં ખેતરોમાં ઉભેલા પાકને પૂરતા પ્રમાણમાં પાણી ન મળતાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. એક તરફ વાવેતર પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરી ચૂકેલા ખેડૂતો સામે પાક બચાવવાનો પડકાર ઊભો થયો છે, તો બીજી તરફ વરસાદ નહીં પડે તો સમગ્ર મહેનત અને ખર્ચ માથે પાણી ફરી વળવાની ભીતિ સેવાઈ રહી છે.

ગોપાલગ્રામના ખેડૂત સુરેશભાઈએ પણ વરસાદની આશાએ પોતાના ખેતરમાં કપાસનું વાવેતર કર્યુ હતું. શરૂઆતમાં વરસાદના કારણે પાક સારો રહેશે તેવી આશા હતી, પરંતુ ત્યારબાદ વરસાદ ખેંચાઈ જતાં કપાસના પાકને જરૂરી ભેજ અને પાણી મળી શક્યું નથી. પરિણામે પાકની સ્થિતિ નબળી બનતી ગઈ અને હવે પાક નિષ્ફળ જવાની સ્થિતિ ઊભી થઈ છે.

ખેડૂત સુરેશભાઈએ પાક બચાવવાની શકયતા ઓછી જણાતાં પોતાના ખેતરમાં ઉભેલા કપાસના પાકને પશુઓ માટે ચરિયાણ તરીકે ખુલ્લો મૂકી દીધો હોવાનું સામે આવ્યું

અનુસંધાન પાના ૬ ઉપર

**દોઢેક મહિનાના વિરામ બાદ પૂનઃ પધરામણી**

## લીલીયા મોટાનાં અનેક વિસ્તારોમાં મેઘ મહેરથી સૌ કોઈમાં આનંદ છવાયો

**મુરઝાતી મોલાતને જીવતદાન મળી ગયુ**



લીલીયા મોટા, તા. ૧૦

લીલીયા પંથકમાં અસલી ગરમી બાદ આજે સાંજના પાંચ વાગ્યે આસપાસના સમયે લીલીયા શહેર સહિત સમગ્ર પંથકમાં મેઘરાજાની પધરામણી થઈ છે દોઢ મહિના બાદ સમગ્ર પંથકમાં વરસાદ પડતા ખેડૂતો પશુપાલકોમાં આનંદ જોવા મળી રહયો છે.

લીલીયા અંટાળીયા, સાજણ ટીંબા, ભેસાણ, હાથીગઢ, સનાળીયા, શેઢાવદર, ક્રાંકચ, નાના લીલીયા, આંબા, ઢાંગલા, ગોઢાવદર સહિતા ગામોમાં અડધો ઈંચ જેટલો વરસાદ પડી ગયો હતો, તેમ ઈમરાન પઠાણીની અખબારી યાદીમાં જણાવેલ છે.

**વેપારી વિભાગની ૪ બેઠક બિનહરિફ થયા બાદ**

## ખાંભા માર્કેટયાર્ડની ખેડૂત વિભાગની ૧૦ બેઠકોમાંથી ભાજપ પ્રેરિત ૮ ઉમેદવારોનો વિજય

**અન્ય ૨ બેઠક ઉપર હરિફ ઉમેદવારો વિજેતા**



ખાંભા, તા. ૧૦

ખાંભા માર્કેટિંગ યાર્ડની ચૂંટણીમાં અગાઉ વેપારી વિભાગની ૪ બેઠકો ભાજપને બિનહરીફ થઈ હતી જયારે ખેડૂત વિભાગની ગઈકાલે થયેલ ચૂંટણીના મતદાનમાં ૫૬૭માંથી ૫૨૭ મતો પડયા હતા ને આજે થયેલ મત ગણતરીમાં ૨ બુથના ૨૧રાઉન્ડનાં અંતે ૮ ભાજપ, ૧ કોંગ્રેસ અને ૧૦માં ઉમેદવાર વચ્ચે ટાઈ પડી હતી. જેમાં ખાંભા તાલુકા ભાજપના પ્રમુખ આનંદભાઈ ભટ્ટ અને ભાજપના અસંતુષ્ટ જૂથના ઉમેદવાર સુરેશભાઈ નસીત વચ્ચે સીધી ટક્કર જોવા મળી હતી. બંને ઉમેદવારોને ૧૬૬–૧૬૬ મત મળતા ટાઈ પડતા ટાઈ પડી અને બન્ને ઉમેદવારો વચ્ચે ચિઠ્ઠીઓ નાખવામાં આવેલ હતી. બન્ને વચ્ચે સરખા મતદાનનું કાઉન્ટ કરીને બાદ બંને ઉમેદવારો વચ્ચે જીત માટેની રસાકસી હવે વધુ તીવ્ર બની હતી ને અંતે ભાજપના પ્રમુખ આનંદ ભટ્ટની ચિઠ્ઠીમાં હાર થઈ હતી ને સુરેશ નસીત વિજેતા જાહેર થતા ભાજપની ૮, ૧ કોંગ્રેસ અને ૧ અસંતુષ્ઠ એમ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

ખેડૂત વિભાગમાં મળેલા મતો મુજબ ભરત સખવાળાને ૨૨૪ મત, બાવભાઈ ભમ્મરને ૨૨૧ મત, રમેશભાઈ તંતીને ૨૦૫ મત, વિનુભાઈ રૈયાણીને ૨૦૩ મત, મેરામભાઈ વાઘોસીને ૧૯૪ મત, શાંતિલાલ ઠુમ્મરને ૧૯૪ મત, લાભુભાઈ ગજેરાને ૧૯૩ મત, ભરતભાઈ દુધાતને ૧૮૬ મત અને

અનુસંધાન પાના ૬ ઉપર

**શાકભાજીની દુકાનમાં કામ કરતા શ્રમિક પરિવારે પાઈ પાઈ ભેગી કરી ને ચોર હાથફેરો કરી ગયા**

## વડિયામાં ધોળે દિવસે રહેણાંક મકાનનાં તાળા તોડી ચોરી કરી તસ્કરોએ પોલીસને ખુલ્લો પડકાર ફેંકયો

**દુષ્કાળનાં ભણકાર વાગ્યા : ચોરીની બદીઓ વધે તે પહેલા સઘન કાર્યવાહી કરવી જરૂરી**



વડિયા, તા. ૧૦

સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના અનેક વિસ્તારોમાં ઓછા વરસાદને કારણે દુષ્કાળની સ્થિતિ સર્જાતી જોવા મળી રહી છે. આવનાર ટૂંકા સમયમાં વરસાદ ના થાય તો દુષ્કાળ નક્કી જ માનવામાં આવે છે. ત્યારે ચોરી, લૂંટફાટ જેવી ઘટનાઓ વધવા પામશે તે નક્કી છે.

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયામાં આવેલાં ગીચ વસ્તી ધરાવતા એવા સુરગપરા વિસ્તારમાં ધોળા દિવસે બપોરે ૧૧–૧૨ વાગ્યાં આસપાસ રહેણાંક મકાનના તાળા તોડીને તસ્કરોએ પોલીસને જાણે ખુલ્લો પડકાર ફેંકયો હોય તેવુ જોવા મળી રહ્યું છે.

જાણવા મળતી વિગત મુજબ વડિયાના સુરગપરા વિસ્તારમાં વસવાટ કરતા અને શાકભાજીની દુકાનમાં મજૂરી કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા એક મજુર પરિવારના ઘરને તસ્કરોએ ધોળા દિવસે નિશાન બનાવ્યું હતુ. ચોરીનો ભોગ બનનાર પરિવારના મુખ્ય વ્યકિતના જણાવ્યા અનુસાર તેના રહેણાંક મકાનના તાળા તોડીને તેમાં રહેલો સામાન વેરવિખેર કરી તેમાં રહેલા ૧૨૦૦૦ની રોકડ રકમની ચોરી કરી છે. આ મજુર પરિવાર મજૂરી કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હોય પાઈ પાઈ ભેગી કરી બચત કરી હતી તે બચતનો આ તસ્કરો હાથ ફેરો કરી જતા એ પરિવાર પર જાણે આભ ફાટયાની ઘટના બની હોય તેવુ જોવા મળ્યું હતુ.

આ ભોગ બનનાર પરિવારના સભ્યને પૂછતાં તેમણે ૧૧૨ માં કોલ કરી પોલીસને જાણ કરી હતી અને તે લોકો ફોટા પાડી ગયા હતા. ત્યારબાદ પોતે પોલીસ સ્ટેશન જઈ રજુઆત કરી પરંતુ મોડી રાત સુધીમાં કોઈ ફરિયાદ પોલીસમાં દાખલ થયાનું જાણવા મળ્યું ના હતુ. તો બીજી બાજુ તસ્કરોનો ભોગ બનનાર વ્યકિતએ એવું જણાવ્યું હતુ કે પોલીસ આ બાબતે સઘન કાર્યવાહી કરી મારા ચોરી થયેલા રૂપિયા મને પાછા અપાવે તેવી મીડિયાના માધ્યમથી રજુઆત કરતા જોવા મળ્યા હતા.

છેલ્લા ઘણા સમયથી વડિયામાં બનતી ચોરીની ઘટનાઓમાં કોઈ કારણોસર પોલીસ ફરિયાદ દાખલ થતી ન હોવાથી જાણે તસ્કરોને ચોરી કરવા માટે છુટ્ટો દોર મળતો હોય તેવુ લોકોમાં ચર્ચાતું જોવા મળી રહ્યું છે. તો બીજી બાજુ વડિયામાં વધી રહેલી ગુનાખોરી અને ગેરકાનૂની પ્રવૃત્તિઓથી જાણે લોકોમાં પોલીસનો કોઈ ડર જ ના રહ્યો હોય અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળતી જતી હોય તેવી સ્થિતિનું નિર્માણ થતુ હોય તેવી લોકમુખે ચર્ચાઓ સાંભળવા મળી રહી છે.

ક્રિષ્ના DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
ફેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૯૨

**એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી**

## બગસરાનાં વેપારીઓ સાથે છેતરપીંડી કરનાર આરોપીની અટકાયત કરાઈ

**પોલીસે આરોપી પાસેથી રૂા. ૨,૧૮,૯૫૦નો મુદ્દામાલ કબ્જે કર્યો**



અમરેલી, તા.૧૦

બગસરા પોલીસ ઈન્સ્પેકટર વી.કે. ગોલવેલકર નાઓની રાહબરી હેઠળ બગસરા પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા બગસરા પોલીસ સ્ટેશનના બી.એન.એસ. કલમ–૩૧૮ (૪) મુજબના કામે અમદાવાદ, એ.૫૦૪, બી.એફ.પી.૩૨૮, મધુરમ સ્કાય, કેશવ એપાર્ટમેન્ટ સામે, ચાંદખેડા વિસ્તારમાં રહેતા પ્રણવભાઈ પ્રવીણભાઈ સોની નામના ૫૫ વર્ષીય આરોપી દ્વારા બગસરા શહેર વિસ્તારમાં જુદા જુદા વેપારીઓ સાથે છેતરપીંડી કરી રૂપિયા ૪,૦૬,૦૦૦ નો મુદામાલ લઈ અને ચેકથી પેમેન્ટ કરવાનુ કહી પેમેન્ટ નહી આપી ભાગી ગયેલ હતો. જેને પોલીસે આરોપીને પ્લાયવુડના ૪૦ પાટીયા જેની કિ. રૂા. ૧,૦૮,૮૦૦, જુદા જુદા વાયરોના

અનુસંધાન પાના ૬ ઉપર

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)